પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૨૯ • કુલ પાના : ૪ • તારીખ : ૨૦-૦૫-૨૦૨૩ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૨ હજારની નોટનું સર્ક્યુલેશન બંધ

# ૩૦ સપ્ટેમ્બર સુધી બેંકમાં બદલાવી શકાશે, ભારતીય રિઝર્વ બેંકનો મોટો નિર્ણય



- ૨ હજારની ચલણી નોટ પર ચાલતી તમામ અટકળોનો અંત.
- RBIએ ૨ હજારની નોટનું સર્ક્યુલેશન બંધ કરવાની કરી જાહેરાત.
- સર્ક્યુલેશન બંધ થશે પણ ૨ હજારની નોટ ચલણમાં માન્ય રહેશે.

ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટ પર મોટો નિર્ણય લીધો છે. RBIએ ૨ હજારની નોટનું સર્ક્યુલેશન બંધ કરવાની જાહેરાત કરી, જો કે બજારમાં રહેલી ૨ હજારની નોટ ચલણમાં માન્ય રહેશે.

ભારતીય રિઝર્વ બેંકે ૨ હજારની ચલણી નોટ પર ચાલતી તમામ અટકળોનો અંત લાવ્યો છે, RBIએ ૨ હજારની નોટનું સર્ક્યુલેશન બંધ કરવાની કરી જાહેરાત અત્રે તમને જણાવી દઈએ કે, સર્ક્યુલેશન બંધ થશે પણ ૨ હજારની નોટ ચલણમાં ચાલુ જ રહેશે તેમજ બજારમાં અસ્તિત્વમાં રહેલી તમામ ૨ હજારની નોટ માન્ય રહેશે.

ભારતીય રિઝર્વ બેંકે સૌથી મોટી ચલણી નોટને લઈ નિર્ણય લીધો છે, RBI અનુસાર ૨૦૦૦ રૂપિયાની નોટ લીગલ ટેંન્ડર રહેશ પરંતુ તેનું સર્કુલેશન બંધ કરવામા આવેશ. ભારતીય રિઝર્વ બેંકે દેશની વિવિધ બેંકોને સલાહ આપી છે કે, ૨૦૦૦ રૂપિયાની નોટને તાત્કાલિક અસર બહાર સર્કુલેશન કરવાનું બંધ કરવામા આવે. અત્રે તમને જણાવી દઈએ કે, રિઝર્વ બેંકે આ નિર્ણય 'કલીન નોટ પોલિસી' હેઠળ લીધો છે. વર્ષ ૨૦૧૬માં રિઝર્વ બેંક દ્વારા નોટબંધી બાદ રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાની નોટ બહાર પાડી હતી.

નવેમ્બર ૨૦૧૬ના રોજ દેશમાં નોટબંધી લાગુ કરાઈ હતી તેમજ સરકારે ૫૦૦ અને ૧ હજારની નોટ બંધ કરીને ૫૦૦ અને ૨ હજારની નોટ જાહેર કરી હતી, કાળા નાણા પર બ્રેક લગાવવા માટે નોટબંધી લાગુ કરાઈ હતી. નોટબંધી બાદ પણ ૨ હજારની નોટ છપાતા કાળા નાણાની ફરિયાદો વધી હતી. ૨ હજારની નોટ ઓછી જગ્યા રોકતી હોવાથી સંગ્રહખોરી વધી હતી. RBIને પણ સંગ્રહખોરો અંગે અનેક ફરિયાદો મળતી હતી. ફરી એકવાર કાળા નાણા પર બ્રેક લગાવવા ૨ હજારની નોટનું સર્કુલેશન બંધ કર્યુ છે. જો કે, ૩૦ સપ્ટેમ્બર સુધી ૨ હજારની નોટ બેંકમાં બદલાવી શકાશે.

૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં કોઈ પણ બેંકમાં ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકાશે. અત્રે તમને જણાવી દઈએ કે, ૨૩ મેથી કોઈપણ બેંકમાં નોટ બદલી અથવા જમા કરાવી શકાશે. ખાસ વાત એ છે કે, ૨૦,૦૦૦ રૂપિયા એક સમયે બદલી અથવા બેંકમાં જમા કરાવી શકાશે. RBIની ૧૯ શાખાઓમાં પણ નોટો બદલી શકાશે.

## દોઢ કલાક પોલીસનું મેગા ઓપરેશન ચાલ્યું : ૬૫ પોલીસકર્મીના ધાડા ઉતર્યા, રથયાત્રા પહેલા ૪૯ તડીપાર-વોન્ટેડને ઝડપ્યા

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં એવા કુખ્યાત ગુનેગારો છૂપાયેલા હતા કે ગુના કર્યા પછી તેમના વિસ્તારમાંથી તડીપાર કરવામાં આવ્યા હતા. આ ગુનેગારો અલગ અલગ જગ્યાએ છૂપાયેલા હોવાની માહિતી અમદાવાદના ઝોન-૫ ડીસીપી બળદેવ દેસાઈને મળી હતી. તેમણે તાત્કાલિક આખા ઝોનના પોલીસ અધિકારીઓને ભેગા કરીને ૮ પીઆઇ,૧૩ પીએસઆઇ સહિત ૬૫ પોલીસકર્મીની ટીમ બનાવી હતી. બાદમાં વહેલા પરોઢિયે ગુનેગારોને પકડવા મેગા ઓપરેશન હાથ ધર્યુ. હવે તેમને કોઈ પકડી નહીં શકે તેવા વહેમમાં હતા ત્યારે જ પોલીસે ગુનેગારોને ઝડપી લીધા હતા. આખા ઝોનમાંથી તડીપાર અને વોન્ટેન્ડ ૪૯થી વધુ ગુનેગારો એક રાતમાં ઝડપાયા હતા.

અમદાવાદમાં એક સમયે સૌથી વધુ ગેંગ ધરાવતો વિસ્તાર એટલે ઝોન ૫ હતો. જેમાં અલગ અલગ ગેંગ પોતાનું સામ્રાજ્ય ફેલાવવા માટે ગુના આચરતી હતી. આ ગેંગના જૂના અને નવા ગુનેગારો એક વખત ગુનો આચરીને ફરાર થઈ જતા હોય છે. તાજેતરમાં પાંચ વિસ્તારમાં આવા કેટલાક તડીપાર ગુનેગારો આવીને છૂપાયા હોવાની જાણ ડીસીપી ઝોન ૫ બળદેવ દેસાઈને થઈ હતી. જેથી તેમણે તાત્કાલિક એક ગુપ્ત ઓપરેશન હાથ ધર્યુ હતું.

આ ઓપરેશન દિવસે નહીં પણ વહેલા પરોઢિયે ડીસીપીએ ટીમને સૂચના આપી હતી કે, દરેક ગુનેગારોના ઘરે, તેમના સંભવિત ઠેકાણા અને બની શકે તો ગુનેગારો કોઈ જગ્યાએ ભેગા થયા હોય તેવી જગ્યાએથી તેમને ઊંચકી લાવવા જોઈએ. આ જ કામ ડીસીપીની ટીમે કરી બતાવ્યું જ હતું. તેમણે એક જ રાતમાં ૪૯ જેટલા આરોપીને ઝડપીને કાર્યવાહી કરી છે. રથયાત્રામાં આવા ગુનેગારોને પકડવા માટેની આખી ડ્રાઈવ ચાલતી હોય છે તે પહેલા ડીસીપીએ મહત્વની કામગીરી કરીને મોટાભાગના ગુનેગારોને સળિયા પાછળ ધકેલવા અને તડીપાર કરવાની પ્રક્રિયા હાથ ધરી દીધી છે.

રથયાત્રા દરમિયાન શાંતિ જળવાય રહે તે માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જેમાં શહેરના ઝોન-૫ વિસ્તારમાં નિકોલ, બાપુનગર, રખિયાલ, ગોમતીપુર, અમરાઈવાડી, ખોખરા, ઓઢવ, રામોલ સહિતના વિસ્તારોમાં કોમ્બિંગ કરવામાં આવ્યું હતું.

એસીપી કક્ષાના અધિકારીના નેતૃત્વમાં સમગ્ર કામગીરી કરવામાં આવી હતી. અલગ અલગ ૧૩ ટીમ દ્વારા વહેલી સવારે ૪થી ૫.૩૦ વાગ્યે જે-તે વિસ્તારોમાં તડીપાર ૪૯ આરોપીઓની ત્યાં તપાસ કરવામાં આવી હતી. જેમાંથી પોલીસે ૧૪ આરોપીઓ પકડ્યા હતા. ૩ દિવસ પહેલા પણ પોલીસે આ પ્રકારે કોમ્બિંગ કરીને ૧૫ આરોપીને પકડી લીધા હતા.પોલીસે અત્યારસુધી કુલ ૨૯ તડીપાર આરોપીઓને ઝડપી લીધા છે. બીજી તરફ ઝોન ૫ પોલીસે ૪૯ કેસ નાના-મોટા હથિયાર રાખવા અંગે કર્યા છે.

## હિંદ મહાસાગરમાં 'ડ્રેગન' પર નજર, છઠ્ઠી સ્કોર્પિયન સબમરીન 'વાઘશીર' દરિયામાં ઉતરી



નવીદિલ્હી,

ભારતીય નૌકાદળના પ્રોજેક્ટ-૭૫ હેઠળ કલવરી વર્ગની સબમરીન બનાવવામાં આવી રહી છે. પ્રોજેક્ટ-૭૫ સ્કોર્પિયન પ્રોગ્રામ હેઠળ બનેલી છઠ્ઠી સ્કોર્પિયન સબમરીન 'વાઘશીર' પ્રથમ દરિયાઈ ડૂબકી મારી છે. 'વાઘશીર' સબમરીનનું દરિયાઈ ટ્રાયલ ૧૮ મેથી શરૂ થઈ ગયું છે. એવી અપેક્ષા છે કે આ સબમરીનને ૨૦૨૪ની શરૂઆતમાં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. સબમરીનને ગયા વર્ષે એપ્રિલમાં મઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડના કાન્હોજી આંગ્રે વેટ બેસિનમાંથી લોન્ચ કરવામાં આવી હતી.

વાઘશીર સબમરીનનું આ ટ્રાયલ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે અત્યાર સુધી કલવરી ક્લાસની પાંચ સબમરીન નેવીમાં સામેલ કરવામાં આવી છે. આ સબમરીન દ્વારા હિંદ મહાસાગરમાં ચીનની ગતિવિધિઓ પર નજર રાખવામાં મદદ મળી રહી છે. છઠ્ઠી સ્કોર્પિયન સબમરીન 'વાઘશીર' આવતા વર્ષ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. આવી સ્થિતિમાં હિંદ મહાસાગરમાં ચીનની દરેક ચાલને નિષ્ફળ બનાવવી સરળ બની જશે.

ભારતીય નૌકાદળ માટે કલવરી વર્ગમાં સ્વદેશી ડીઝલ-ઈલેક્ટ્રિક એટેક સબમરીન બનાવવામાં આવી રહી છે. ભારતીય નૌકાદળની છ પરંપરાગત ડીઝલ-ઈલેક્ટ્રિક એટેક સબમરીન પ્રોજેક્ટ-૭૫ હેઠળ બનાવવામાં આવી રહી છે. પ્રોજેક્ટ-૭૫ હેઠળ બનાવવામાં આવી રહેલી સબમરીનમાં એર-ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (AIP), સ્પેશિયલ ઓપરેશન ફોર્સ, એન્ટિ-શિપ વોરફેરનો સમાવેશ થાય છે. તે તેમની એન્ટિ-સબમરીન યુદ્ધ ,એન્ટિ-સરફેસ વોરફેર અને જમીન-આક્રમણ ક્ષમતાઓને કારણે અત્યંત શક્તિશાળી અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે.

મેક ઇન ઇન્ડિયા પહેલને પ્રોત્સાહન આપવા માટે તમામ છ સબમરીન ભારતમાં બનાવવામાં આવી છે. આ સબમરીન તૈયાર કરવા માટે ફ્રાન્સથી ટેકનોલોજી ટ્રાન્સફર કરવામાં આવી હતી. કલવરી વર્ગની પાંચમી સ્કોર્પિયન સબમરીનને જાન્યુઆરીમાં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવી હતી.

અત્યાર સુધીમાં કુલ પાંચ સબમરીનને નેવીમાં સામેલ કરવામાં આવી છે.આઈએનએસ કલવરી, આઈએનએસ ખંડેરી, આઈએનએસ કરંજ, આઈએનએસ વેલા અને આઈએનએસ વાગીરને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવી છે. હવે કલવરી વર્ગની આ છઠ્ઠી અને છેલ્લી સબમરીન વાઘશીર છે.

## કેમ્પ હનુમાન મંદિરમાં ટ્રસ્ટીઓએ પ્રસાદ લઈ જવા પર પ્રતિબંધ લગાવ્યો, ભક્તો નારાજ થયા

અમદાવાદ,

શાહીબાગના કેમ્પ હનુમાન મંદિરમાં અચાનક પ્રસાદ બંધ કરી દેવાતા ભક્તોમાં નારાજગી જોવા મળી રહી છે. મંગળવારે ટ્રસ્ટીઓએ પ્રતિબંધ ફરમાવાતા દર્શનાર્થીઓને મુખ્ય દરવાજા બહાર પ્રસાદ મૂકી દર્શન કરવા જવું પડ્યું હતું. આ જોઈને ભક્તોમાં નારાજગી જોવા મળી હતી અને સવાલ પૂછ્યા હતા કે શા માટે પ્રસાદ બંધ કરવામાં આવ્યો ત્યારે ત્યાં હાજર સિક્યોરિટી કર્મચારીઓએ કહ્યું કે, ટ્રસ્ટીઓના કહેવાથી પ્રસાદ બંધ કરી દેવાયો છે. જ્યારે ટ્રસ્ટીઓએ કહ્યું કે, સુરક્ષાના કારણોસર પ્રસાદ બંધ કરાયો હતો. કેમ્પ હનુમાન મંદિર તરફથી ઘીના મગસના લાડુનો પ્રસાદ અપાતો હતો, જેનો સ્વાદ એકધારો રહેતો હતો, જેથી મંગળવાર અને શનિવાર સિવાયના દિવસોમાં પણ પ્રસાદની માગ રહેતી હતી. જોકે કોરોનાનું બહાનું કરીને મગસના લાડુનો પ્રસાદ બંધ કરી દેવાયો હતો. બાદમાં કોરોનાનો કહેર હળવો થયા બાદ ફરીથી મંદિર તરફથી પ્રસાદ શરૂ કર્યો ન હતો પણ બહારથી પ્રસાદ લઈ જવાની મંજૂરી આપી હતી. નોંધનીય છે કે, બાર વર્ષ પહેલાં પણ કેમ્પ હનુમાન મંદિરમાં પ્રસાદ બંધ કરાયો હતો. ભક્તોના વિરોધ બાદ ૧૨ વર્ષ પહેલાં ફરી પ્રસાદ શરૂ કરવાની ફરજ પડી હતી. અમદાવાદ શહેરમાં હનુમાનજીનાં બે મોટાં મંદિરો આવેલાં છે, જેમાં સાંરગપુર હનુમાન મંદિર અને બીજું કેમ્પ હનુમાન મંદિર છે. કેમ્પ હનુમાન મંદિર ભારતના સૌથી મોટા હનુમાન મંદિરોમાંનું એક ગણાય છે. આ મંદિરનું બાંધકામ ૧૦૦ વર્ષ પહેલાં પંડિત ગજાનન પ્રસાદ દ્વારા કરવામાં આવ્યું છે. અંગ્રેજોના સમયથી બાંધવામાં આવેલા આ મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળે છે. ખાસ કરીને મંગળવાર અને શનિવારે લોકો આ મંદિરની મુલાકાત લેવા માટે આવતા હોય છે. ૧૦૦ વર્ષ જૂના આ મંદિરના પ્રાગટ્ય અને હનુમાનજીની મૂર્તિને અનુલક્ષીને કેટલાંક દૃષ્ટાંતોનો ઉલ્લેખ પુસ્તકોમાં જોવા મળે છે.

## જી-૨૦ બેઠક પહેલા જમ્મુ-કાશ્મીરમાં હાઈ સિક્યોરિટી: માર્કોસ કમાન્ડો બોટથી દેખરેખ કરી રહ્યા છે



શ્રીનગર,

૨૨થી ૨૪ મે દરમિયાન યોજાનારી જી-૨૦ બેઠક માટે શ્રીનગરમાં ઉચ્ચ સુરક્ષા તૈનાત કરવામાં આવી છે. સેનાના જવાનો જમીનથી હવાઈ સુરક્ષા કરી રહ્યા છે. તે જ સમયે, માર્કોસ કમાન્ડોએ બોટ દ્વારા દાલ સરોવરમાં દેખરેખ શરૂ કરી દીધી છે.

જી-૨૦ની આ બેઠક શેર-એ-કાશ્મીર ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે. જેમાં ૧૦૦ જેટલા પ્રતિનિધિઓ ભાગ લેશે. તમામની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સેનાએ એન્ટી ડ્રોન ઉપકરણો પણ તૈનાત કર્યા છે. એટલું જ નહીં, શ્રીનગરની કેટલીક શાળાઓને ૨૫ મે સુધી બંધ કરી દેવામાં આવી હતી.

જમ્મુ-કાશ્મીરના એડીજીપી વિજય કુમાર સુરક્ષાને લઈને પૂરો વિશ્વાસ ધરાવે છે. તેઓ કહે છે, "અમે ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરી છે. NSG અને આર્મીની મદદથી એન્ટી ડ્રોન ઉપકરણો તૈનાત કરવામાં આવી રહ્યા છે. પોલીસ ઉપરાંત, માર્કોસને દાલ સરોવરની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા છે.

ભારતીય સેના, બીએસએફ, સીઆરપીએફ, એસએસબી અને જમ્મુ અને કાશ્મીર પોલીસ મીટિંગ દરમિયાન કોઈપણ અપ્રિય ઘટનાને ટાળવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. એનએસજીએ ગુરુવારે લાલ ચોકમાં પણ દરોડા પાડ્યા હતા.

## નરેન્દ્ર મોદી નેહરુ બાદ હિરોશિમા જનાર ભારતના પહેલા વડાપ્રધાન

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી૭ સમિટમાં ભાગ લેવા માટે જાપાનના હિરોશિમા જવા રવાના થયા છે. વડાપ્રધાન મોદી ૨૧ મે સુધી અલગ અલગ કાર્યક્રમોમાં ભાગ લેશે. જો કે વડાપ્રધાન મોદીનો આ વિદેશ પ્રવાસ ખાસ પણ છે. કારણ કે ૬૬ વર્ષ પછી પહેલીવાર હશે જ્યારે ભારતના કોઈ વડાપ્રધાન જાપાનના હિરોશિમા શહેરમાં જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા ૧૯૫૭માં પંડિત જવાહરલાલ નહેરુ હિરોશિમા ગયા હતા. હિરોશિમા શહેરમાં વડાપ્રધાન મોદીની હાજરી ખાસ બની રહેશે.

હિરોશિમા દુનિયાનું પહેલું શહેર છે જ્યાં ઈતિહાસનો પહેલો અને છેલ્લો પરમાણુ હુમલો થયો હતો. હિરોશિમા શહેરમાં વડાપ્રધાન મોદી મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ પણ કરશે. સમિટ પછી તેઓ ૭૭ નેતાઓ સાથે પીસ મેમોરિયલ પાર્કમાં પણ જશે. આ પાર્ક ન્યુક્લિયર અટેકના પીડિતોની યાદીમાં બનાવવામાં આવ્યું છે.

મહત્વનું છે કે આ વિદેશ પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી જાપાનના વડાપ્રધાન તેમજ અન્ય દેશોના નેતાઓ સાથે સંબંધો પર ચર્ચા કરશે. શક્યતા એવી પણ છે કે કવાડ દેશોના નેતાઓની બેઠક પણ હિરોશિમામાં જ યોજાય જાય. આ બેઠક પહેલા સીડનીમાં થવાની હતી પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડન સિડનીનો પ્રવાસ રદ કરી ચૂક્યા હતા જના કારણે બેઠક થઈ શકે નહીં. હવે હિરોશિમામાં આ દેશોના નેતાઓની હાજરી હશે તેથી કવાડની બેઠક પણ અહીં થઈ જાય તેવા એંધાણ છે.

વડાપ્રધાન મોદી જી૭ સમિટ પછી પાપુઆ ન્યુ ગીની જશે અહીં તેઓ થોડા કલાકોનું રોકાણ કરશે અને પછી ૨૨ મીના રોજ ઓસ્ટ્રેલિયા રવાના થઈ જશે. આમ વડાપ્રધાન મોદી તેમના વિદેશ પ્રવાસ દરમિયાન જાપાન સહિત ત્રણ દેશોની મુલાકાત લેશે.

## કિરણ રિજિજુએ અર્થ-સાયન્સ મંત્રાલય જોઈન કર્યું : કાયદા મંત્રાલય કોઈ ભૂલથી નથી ગયું,



નવીદિલ્હી,

પૂર્વ કાયદા પ્રધાન કિરણ રિજિજુ શુક્રવારે અર્થ-સાયન્સ મંત્રાલયમાં જોઈન થયા. મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું- મારે કોઈ ભૂલને કારણે કાયદા મંત્રાલય છોડવું પડ્યું નથી. આક્ષેપો કરવા વિપક્ષના લોકોનું કામ છે. મંત્રાલય બદલવું એ સરકારની પ્રક્રિયાનો એક ભાગ છે. ફેરફારો થતા રહે છે.

કેન્દ્રએ ગુરુવારે કાયદા મંત્રાલયમાં એક મોટી સર્જરી કરી. કિરણ રિજિજુ પાસેથી આ મંત્રાલય પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. રિજિજુની જગ્યાએ અર્જુન રામ મેઘવાલને કાયદા મંત્રી બનાવવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે મેઘવાલને સ્વતંત્ર કાર્યભાર સોંપવામાં આવ્યો છે. રિજિજુ કોલેજિયમ પર તેમની ટિપ્પણીઓને કારણે ચર્ચામાં છે.

મેઘવાલ પાસે સંસદીય બાબતોના રાજ્યમંત્રીનો હવાલો પણ છે. બિકાનેરના સાંસદ મેઘવાલ મોદીના બીજા કાર્યકાળમાં કાયદા વિભાગ સંભાળનારા ત્રીજા મંત્રી હશે.

રિજિજુના મંત્રાલય બદલવા પર કોંગ્રેસના અલકા લાંબાએ કહ્યું- જજો અને કોર્ટની નિમણૂક પર રિજિજુની ટિપ્પણીએ મોદી સરકાર માટે મુશ્કેલી ઊભી કરી હતી. સરકારે પોતાની ઈમેજ બચાવવા માટે પોતાના કાયદા મંત્રીનું બલિદાન આપીને સારું કર્યું.

મદુરાઈના કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે કહ્યું- તેઓ ખૂબ જ સારા રમત મંત્રી હતા, પરંતુ કાયદા મંત્રી તરીકે નિષ્ફળ ગયા.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

બી.બી. રાઠવા

તરફથી અભીનંદન....

મુ. ગોપીપુરા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

વી.જે. બારીયા

તરફથી અભીનંદન....

મુ. ધારીયા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

## આગામી સપ્તાહે મહારાષ્ટ્રની શિંદે સરકાર કરશે કેબિનેટમાં મોટા ફેરફાર

મુંબઈ,

કેન્દ્ર સરકારે તાજેતરમાં કેબિનેટમાં ફેરફાર કર્યા પછી ભાજપના ટેકાવાળી શિવસેના (એકનાથ શિંદે જૂથ)ની સરકાર પ્રધાનમંડળમાં મોટા ફેરફાર કરવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રમાં કેબિનેટ વિસ્તરણની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. આગામી સપ્તાહે એકનાથ શિંદે સરકાર કેબિનેટનું વિસ્તરણ કરીને તેનો અમલ કરશે. જેમાં શિંદે કેમ્પના ૮ નેતાઓ પ્રધાન બની શકે છે.

મહારાષ્ટ્રમાં નવમી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ એકનાથ શિંદેના પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. ૧૮ વિધાનસભ્યએ શપથ લેવડાવ્યા હતા. જેમાંથી નવ ભાજપના અને નવ પ્રધાન એકનાથ શિંદે જૂથના છે. અહીં એ જણાવવાનું કે ૩૦મી જૂને એકનાથ શિંદેએ સીએમ તરીકે શપથ લીધા હતા. તેમની સાથે ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા.

જે અત્યારે કેબિનેટમાં છે, જેમા ભાજપના કેમ્પમાંથી- ચંદ્રકાંત પાટીલ, સુધીર મુનગંટીવાર, ગિરીશ મહાજન, રાધાકૃષ્ણ વિખે પાટીલ, સુરેશ ખાડે, અતુલ સેવ, રવિન્દ્ર ચવ્હાણ, મંગલપ્રભાત લોઢા, વિજય કુમાર ગાવિતનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, શિંદે જૂથમાંથી ઉદય સામંત, સંદીપન ભુમરે, દાદા ભુસે, ગુલાબરાવ પાટીલ, શંભુરાજ દેસાઈ, સંજય રાઠોડ, તાનાજી સાવંત, અબ્દુલ સત્તાર, દીપક કેસરકર વગેરે કેબિનેટમાં છે.

## : જાહેર નોટીસ :

જા.નં.સર્વે /૧૯ તા. ૬/ ૫/૨૦૨૩

પ્રતિ,
**મનહરભાઈ વલ્લભદાસ ચોકસી**
**સોનીવાડ,ગોધરા.**

આથી આ નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, આપના દવારા મોજે.ગોધરા શહેરના સોનીવાડ વિસ્તારના સી.સ.નં.૧૮/૨ માં ગેરકાયદેસર રીતે દબાણ કરી પાર્કિંગની વ્યવસ્થા કર્યા સિવાય બાંધકામ કરી રહયા છો. તેવી રજુઆત અત્રેની કચેરીને મળેલ છે.

વાસ્તે, તમોને તમોને આ નોટીસ આપી સુચના આપવામાં આવે છે કે, આપના દવારા નગરપાલિકાની પૂર્વ મંજુરી વિના જો બાંધકામ કરેલ હોય તો સદરહુ બાંધકામ તાત્કાલિક ધોરણે દુર કરશો તેમજ જો આપના દવારા નગરપાલિકાની બાંધકામ મંજુરી મેળવેલ હોય તો આપના દવારા કરવામાં આવેલ બાંધકામ મંજુર નકશા મુજબ છે કે કેમ? તેનો લેખિત ખુલાસો દિન–૩ માં આપની મિલ્કતના માલિકીના પુરાવા, લેઆઉટ પ્લાન, બિનખેતીનો હુકમ તેમજ આપની માલીકીની જગ્યાની નવીન માપણી શીટ અથવા ટીકા શીટ, ૭/૧૨/પ્રોપર્ટીકાર્ડ, દસ્તાવેજની નકલ તેમજ મંજુર થયેલ નકશો તથા રજાચિઠ્ઠી વિગેરે અન્ય તમામ આનુસાંગિક પુરાવા સાથે સદર નોટીસનો ખુલાસો કરશો. અન્યથા અત્રેની કચેરી દવારા ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ તથા ગુજરાત મ્યુનિસિપલ એકટ–૧૯૬૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરી આપના ખર્ચે અને જોખમે સદર દબાણ દુર કરવાની ફરજ ઉપસ્થિત થશે. જેની તમામ જવાબદારી આપની અંગત રહેશે. જેની ગંભીર નોંધ લેશો.

**જુનિયર નગર નિયોજક**
**નગરપાલિકા,ગોધરા**

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## કડાણા મામલતદાર કચેરીના રેવન્યુ તલાટી સાથે મારામારીમાં આરોપી વિરૂદ્ધ કાર્યવાહી માંગ સાથે આવેદન

મલેકપુર,

કડાણા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા રેવન્યુ તલાટી ઉપર બુધવારની સાંજે કડાણા ગામના યુવક દ્વારા માર મારી કરી હોવાની ઘટનામાં જીલ્લા કલેક્ટરને મામલતદાર કચેરીના કર્મચારીઓ દ્વારા આરોપી સામે કડક કાર્યવાહી કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જયારે આ બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કડાણા મામલતદાર કચેરી ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા વિજયભાઈ પરમાર કડાણાગામ રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવે છે. બે મહીના અગાઉ ગામના શૈલેષભાઈ રાજપુતનું જમીનમાં નામ દાખલ કરવા વારસાઈ સબધિત કામગીરી કરી હતી. આ જમીનમાં હુમલો કરનાર ભરતભાઈ લક્ષ્મણભાઈ હજુરીનું પણ નામ હોય ત્યારે આ બાબતે ભરતભાઈ હજુરીએ જમીનમાં શૈલેષભાઈ રાજપૂતનું નામ કઈરીતે દાખલ કર્યું, તે અંગે માહિતી માંગી હતી. તેમજ આ સંદર્ભે વાંધા અરજી કરી હતી. જે અરજી મામલતદાર કડાણા દ્વારા રદ કરવામાં આવી હતી. ત્યારે વરસાઈની કામગીરી રેવન્યુ તલાટી દ્વારા ખોટી રીતે કરવામાં આવી હોવાની અદાવતમાં આરોપી ભરત હજુરી તલાટી પ્રત્યે રોષે ભરાતા ગત બુધવારે સાંજે જયારે તલાટી વિજયભાઈ પરમાર દીવડા કોલોની બહારની ચોકડી ઉપર ઓફિસ કામના કાગળ ઝેરોક્ષ કરાવી નીકળતા અચાનક ભરત હજુરીએ બુમ પાડી ઉભા રાખ્યા હતા. ત્યારે તલાટી ભરતભાઈ કોઈ કામ માટે બોલાવે એવુ સમજી નજીક જતા અચાનક લાફો જીક્યો હતો અને મારામારી કરતા તલાટીને ગંભીર ઈજા પહોંચી હતી અને આરોપી દ્વારા ત્યારબાદ પાવડો લઈ હુમલો કરતા આસપાસના લોકો ભેગા થઈ તલાટીને છોડાવવામાં આવ્યા હતા. આ હુમલામાં તલાટી વિજયભાઈ પરમારને વધુ ઈજા પહોંચતા લુણાવાડા વિનાયક હોસ્પિટલ મા દખલ કરવામાં આવ્યા છે. ત્યારે મામલતદાર કચેરીના કર્મચારી ઉપર થયેલ હુમલામાં કચેરીના કર્મચારીઓ દ્વારા જીલ્લા કલેક્ટરને આરોપી વિરૂદ્ધ કડક પગલાં લેવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જયારે હુમલામાં ઘાયલ તલાટી વિજયભાઈ પરમાર દ્વારા કડાણા પોલીસ સ્ટેશન ખાતે ભરત હજુરી સામે જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## વીરપુર તાલુકામાં સંગઠન સત્યાપન યુવા જોડો અભિયાન અંતર્ગત બેઠક યોજવામાં આવી



વીરપુર,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચો સંગઠન સત્યાપન ''યુવા જોડો અભિયાન'' અંતર્ગત મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં બેઠક યોજાઈ. આ બેઠકમાં વિસ્તારક તરીકે ગુજરાત પ્રદેશ અનુસુચિત જાતિ મોરચાના કરોબારી સભ્ય નટુભાઈ પરમાર, મહીસાગર જિલ્લા યુવાજોડો અભિયાનના પ્રભારી ડો.અશોકભાઈ એમ શ્રોફ, મહીસાગર જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના ઉપપ્રમુખ મનહરભાઈ વણકર, તાલુકા એસ.સી.મોરચાના પ્રમુખ કલ્પેશભાઈ પંડ્યા, મહામંત્રી જશુભાઈ વણકર, ઉપપ્રમુખ સંજય સુતરિયા, જિલ્લા સોશ્યલ મીડિયાના સહ સંયોજક સચિન માળી તથા કારોબારી સભ્યો તથા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહી વીરપુર તાલુકાના કાર્યકર્તાઓ સાથે સંકલન કરી સરલ એપ, નમો એપ તથા યુવા જોડો અભિયાનની તથા સોશિયલ મીડિયા વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

## મહીસાગર જિલ્લા ભાજપ કારોબારી બેઠક લુણાવાડા આદર્શ વિદ્યાલય હોલ ખાતે યોજાઈ



લુણાવાડા,

મહીસાગર જિલ્લા ભાજપ કારોબારી બેઠક આદર્શ વિદ્યાલય હોલ લુણાવાડા ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં નવનિયુક્ત જિલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ પટેલનું જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા સહિત સંગઠન દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું.

બેઠકમાં કાર્યકરોને મહાનુભાવોએ સરલ એપ ડાઉનલોડ, બુથ સશકિતકરણ, કેન્દ્ર સરકારના નવ વર્ષના સુશાસન અને પ્રજા કલ્યાણકારી યોજનાઓ અંગે વિશેષ જનસંપર્ક અભિયાન સહિતના સંગઠનાત્મક કાર્યો માટે માહિતી અને માર્ગ દર્શન આપવામાં આવ્યું હતું. આગામી કાર્યક્રમોમાં કાર્યકરોને મોટી સંખ્યામાં જન જનને જોડવા આહ્વાન કર્યું હતું.

આ બેઠકમાં સાંસદ રતનસિંહ રાઠોડ,ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, જિલ્લા મહામંત્રીઓ રાવજીભાઈ, પ્રદીપસિંહ, જયેન્દ્રભાઈ, પૂર્વ ધારાસભ્યો કાળુભાઈ, જિગ્નેશભાઈ સેવક, પૂર્વ મહિલા આયોગ અદયક્ષ લીલાબેન, જિલ્લા કારોબારીના હોદ્દેદારો, મંડળના હોદેદારો, મોરચાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મહિસાગર જીલ્લામાં ફૂડ પ્રોસેસીંગ સંલગ્ન નાના ઉદ્યોગ શરૂ કરવા સરકાર દ્વારા લોન સહાય આપવામાં આવશે

મહિસાગર

ભારત સરકારની ફૂડ મીનીસ્ટ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાં પ્રધાન મંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસીગ એન્ટરપ્રાઈઝ સ્કીમ (PMFME) અમલમાં છે. આ યોજના અંતર્ગત બેન્કમાંથી મંજુર થયેલ પ્રોજેક્ટ રકમની ૩૫ % સબસીડી જે મહતમ રૂ. ૧૦ લાખની મર્યાદામાં મળી શકે છે. આ પોજેક્ટ તૈયાર કરી જીલ્લા કક્ષાએ નિમણુંક કરેલ ડી.આર.પી. નો સંપર્ક કરી રજુ કરી શકાશે.

પ્રોજેક્ટ બનાવવાથી માંડી ઓનલાઈન રજુ કરવા સુધી દરેક બાબતે મદદ કરવા સરકાર દ્વારા જીલ્લા કક્ષાએ ડી.આર.પી. પાર્થ પટેલ (વિષય તજજ્ઞ, મો.ન.૯૭૧૨૨૩૩૮૪૮) રાખવામાં આવ્યા છે. સરકારની આ યોજનાનો લાભ લઇ હાલ ચાલી રહેલ મૂલ્યવર્ધનના ઉદ્યોગને વધારી પણ શકો અને નવા ઉદ્યોગ સાહસિકો પોતાનો નવો ઉદ્યોગ ચાલુ પણ કરી શકે.

આવા નાના ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગો જેવા કે અથાણું, મરી મસાલા, બેકરી, પાપડ, ખાખરા, ફળના જ્યુસ, ચિપ્સ કેન્ડી, વગેરે ઉભા થવાથી ફળ–શાકભાજીનો બગાડ અટકી શકે અને ખેડૂતોને વધારે પોષણક્ષમ ભાવો અપાવી શકીએ. મહીસાગર જીલ્લાના ઉદ્યોગ સાહસિકોએ આ યોજનાનો લાભ લેવા માટે નાયબ બાગાયત નિયામકની કચેરી લુણાવાડાનો કચેરીસમય દરમ્યાન સપર્ક સાધવા નાયબ બાગાયત નિયામકએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય અંતર્ગત સ્કીમ અર્થે દરખાસ્ત કરી શકાશે

મહિસાગર,

તમામ મોટરીંગ પબ્લીકને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, લુણાવાડા–મહિસાગરની અખબારી યાદી જણાવે છે કે, ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય, ન્યુ દિલ્હી દ્વારા માર્ગ સલામતી ક્ષેત્રમાં અસાધારણ કારગીરી માટે નાણાકીય સહાય અને માર્ગ સલામતીના ક્ષેત્રમાં કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કાર્ય માટે પુરસ્કૃત કરવા માટે scheme of financial assistance for administering road safety advocacy and awards for the outstanding work done in the field of road safety નામની સ્કીમ અંતર્ગત સ્કીમ અર્થે રસ ધરાવતી અને લાયક સંસ્થાઓ તેમની દરખાસ્ત ઓનલાઈન વેબસાઈટ https;//morth.nic.in પર તા.૩૦/૦૫/૨૦૨૩ પહેલા મોકલી શકાશે. વધુ માહિતી માટે માર્ગ અને ધોરીમાર્ગના મંત્રાલયનો સંપર્ક નો.૦૧૧૨૩૩૨૧૭૩૮ પર સંપર્ક કરી શકાશે.

## મલેકપુર પી.એચ.સી.ના તબીબના અકસ્માત મોત બાદ જગ્યા ન ભરાતા દર્દીઓને હાલાકી

મલેકપુર,

લુણાવાડા તાલુકાના મલેકપુર ગામના પી.એચ.સી. કેન્દ્રમાં આસપાસના ૬૮ ગામોના લોકો દવા સારવાર કરાવવા માટે આવતા હોય છે. પી.એચ.સી.ના તબીબનું ૨૫ દિવસ અગાઉ માર્ગ અકસ્માતમાં મોત નિપજાવા પામ્યું હતું. ત્યારથી મલેકપુર પી.એચ.સી.કેન્દ્રમાં તબીબ નહિ મૂકતાં દર્દીઓને હાલાકી વેઠવી પડી રહી છે.

લુણાવાડાના મલેકપુર ગામ હવેલી વિસ્તારમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૬૮ ગામોના લોકો દવા સારવાર માટે પી.એચ.સી.માં આવતા હોય છે. પી.એચ.સી.માં ફરજ બજાવતા તબીબનું ૨૫ દિવસ અગાઉ અકસ્માતમાં મરણ થતાં મલેકપુર પી.એચ.સી. તબીબ વિહોણું બન્યું છે. મલેકપુર પી.એચ.સી. તબીબ વગર ચાલી રહ્યું છે. ત્યારે મલેકપુર પી.એચ.સી.માં તબીબની જગ્યા તત્કાલ ભરવામાં આવે તે જરૂરી છે. હાલ તબીબ વગર ચાલતા પી.એચ.સી. કેન્દ્રમાં આવતાં દર્દીઓને હાલાકી વેઠવી પડતી હોય જેથી લુણાવાડા સુધી લાંબુ થવું પડતું હોય છે.

## જાંબુઘોડાના કણજીપાણી ગામના ૨૦ વર્ષીય યુવાને વડોદરા ખાતે ઝેરી દવા પી જતાં મોત

જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકાના કણજીપાણી ગામના હાલ વડોદરા રહેતા ૨૦ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ જાંબુઘોડા તાલુકાના કણજીપાણી ગામના નરેન્દ્ર જશવંતભાઈ બારીયા ઉ.વ.૨૦ જે હાલ વડોદરા ખાતે રહેતા હોય જેણે કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે જાંબુઘોડા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## બાલાસિનોરના નવા મુવાડા ગામે પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરી હાથ ધરાઈ

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના વડદલા તાબે આવેલ નવા મુવાડા ગામમાં એક વર્ષથી ૪૫૦૦૦ લીટરની કેપેસિટી વાળો સંપ પુરવઠા વિભાગ દ્વારા બનાવવામાં આવ્યો છે. પરંતુ પાઈપલાઈનની જોડાણની કામગીરી પુર્ણ ન કરાતા ગ્રામજનોમાં ભર ઉનાળે પાણી માટે રઝળપાટ કરવો પડી રહ્યો છે. ઉનાળાની શરૂઆત થતાની સાથે જ નવા મુવાડા ગામના લોકોને પાણી માટે હાલાકી વેઠવી પડી રહી છે. નલ થી જલ નહિ મળતા સંપમાંથી દરરોજ પાણી કાઢવા માટે જીવના જોખમે ડોકીયા કરવા પડી રહ્યા છે. તથા લોકો દોરડાંથી સંપમાંથી પાણી ખેંચવા મજબુર બનતા તંત્ર સામે રોષ જોવાઈ રહ્યો હતો. આ અંગેના અહેવાલો પ્રસિદ્ધ કરાતા પાણી પુરવઠા વિભાગ તંત્ર દોડતુ થઈ ગયુ અને તાત્કાલિક પાઈપલાઈન નાંખવાની સાથે ઘરોમાં નળ બેસાડવાની કામગીરી ચાલુ કરવામાં આવતા લોકોમાં ખુશી જોવા મળી હતી.

## લુણાવાડાના કોઠંબામાં રોડ અને ગટરની અધુરી કામગીરી મુકાતા ગ્રામજનોમાં રોષ

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના કોઠંબામાં કોન્ટ્રાકટર દ્વારા છ મહિનાથી રોડ અને ગટરની કામગીરી અધુરી મુકાતા ગ્રામજનો, સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પોલીસ સ્ટેશન ચોકડીથી તળાવની પાળ સુધી આરસીસી રોડ અને ગટરની કામગીરીનો કોન્ટ્રાકટ અપાયો હતો. પરંતુ ગામમાં ગુણવત્તા ન જળવાતા ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. પોલીસ સ્ટેશન ચોકડી પર કપચી અને રેતીના ઢગલા અને કામગીરી કરતા પડેલા ખાડાથી રાહદારીઓ અને વાહનચાલકો તેમજ આજુબાજુના રહેવાસી અને દુકાનદારો ધુળની ડમરીઓ ઉડતા ગરમીમાં ખુબ હેરાન પરેશાન થઈ રહ્યા છે. બસ સ્ટેશન ઉપર ગુગાભાઈ પાનાવાળાની ગલીમાં ગટરની કામગીરી અધુરી રાખી ઢાંકણા નહિ લગાવતા ગટરમાંથી દુર્ગંધ આવી રહી છે. તેમજ અકસ્માતની ભિતી સેવાઈ રહી છે.

## લુણાવાડાના ચારણ ગામે બાળલગ્ન અટકાવાયા

લુણાવાડા,

ચારણ ગામ ખાતે પટેલિયા સમાજની દિકરીના લગ્ન હતા. જે સગીર હોવાની સુચના બાળ લગ્ન પ્રતિબંધિત અધિકારીને માહિતી મળતા પોલીસ સાથે ગામે જઈ ચકાસણી કરતા ત્યાં લગ્નની તૈયારી તેમજ તેમના સમાજ અનુસાર પાઘડીની રસમ પણ કરવાની તૈયારી હતી. તે સમયે બાળલગ્ન પ્રતિબંધિત અધિકારી ભાર્ગવીબેન નિનામા દ્વારા ત્યાં સ્થળ ઉપર પહોંચતા બાળકી તેમજ સામે પક્ષના ડોકયુમેન્ટ સહિતના પુરાવો ચકાસતા જેનુ લગ્ન થઈ રહ્યુ હતુ તે બાળકી સગીર વયની હોવાના પુરાવા મળતા સમગ્ર લગ્ન બાળ લગ્ન પ્રતિબંધિત અધિકારી દ્વારા બંધ કરવામાં આવ્યુ હતુ. તેમજ જે પરિવાર લગ્ન કરવા જઈ રહ્યુ હતુ તેમની સાથે લેખિતની અંદર લગ્ન ન કરાવવા માટેની બાંહેધરી લખી તેમની કચેરી ખાતે બોલાવ્યા હતા. તેમજ બાળ લગ્ન અધિનિયમ હેઠળ જો સગીર બાળકીનુ લગ્ન થાય તો ૨ વર્ષનો ગુનો તેમજ લગ્ન કરવવા ગુનાપાત્ર રહેશે.

## મોરવા(હ)ના મોરા ગામેથી બાંધકામ અંગે રેખા નિયંત્રણ માર્કિંગ કરાતા ચર્ચા

ગોધરા,

મોરવા(હ)તાલુકાના મોરા ગામમાં રોડથી ૩૦ મીટરના અંતરે થયેલા બાંધકામ અંગે રેખા નિયંત્રણનુ માર્કિંગ કરવામાં આવતા જ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. ઉલેખનિય છે કે, અગાઉ પણ મોરા ગામના દબાણો માટે વારંવાર ઉચ્ચકક્ષાએ રજુઆતો પણ કરવામાં આવી હતી. જેના બાદ અરજદારે તાજેતરમાં કરેલી અરજીને અનુલક્ષી જિલ્લા પંચાયત દબાણ શાખાના હુકમ અન્વયે વહીવટી તંત્રના અધિકારીઓની ટીમ દ્વારા સુચિત માર્કિંગ કરવામાં આવ્યુ છે.

મોરવા(હ)તાલુકાના મોરા ગામમાંથી પસાર થતાં માર્ગને અડીને ધારા ધોરણ મુજબ બાંધકામ કરવામાં આવ્યુ છે કે,કેમ કે જે અંગે એક અરજદારે રજુઆત કરી હતી. આ બાબતને ધ્યાનમાં લઈ જિલ્લા પંચાયત દબાણ શાખા દ્વારા માર્ગ મકાન વિભાગ, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને સાથે રાખી જરૂરી કામગીરી અંગેનો અહેવાલ રજુ કરવા માટે હુકમ કરાયો હતો. આ હુકમને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ, મામલતદાર અને ટીડીઓની ઉપસ્થિતિમાં માર્ગને અડીને આવેલા બાંધકામ ઉપર હદ નિશાન માપણી કર્યા બાદ સુચિત માર્કિંગ કરવામાં આવ્યુ હતુ. જેમાં મોરા ગામના બે વિસ્તારનો સમાવેશ થાય છે.

## હાલોલના ખેરપની ૫૫ વર્ષીય મહિલાને ઝેરી જનાવર કરડી જતાં સારવાર દરમિયાન મોત

હાલોલ,

હાલોલ તાલુકાના ખેરપ ગામે ૫૫ વર્ષીય મહિલાને ઝેરી જનાવર કરડી જતાં પ્રાથમિક સારવાર હાલોલ સી.એચ.સી.માં કરાવી વડોદરા એસ.એસ.જી.માં દાખલ કરતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.


પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના ખેરપ ગામે રહેતા ચંપાબેન ભલાભાઈ નાયક ઉ.વ.૫૫ને તેમના ઘરે કોઈ ઝેરી જનાવર કરડી ગયેલ હોય પ્રથમ શિવરાજપુર દવા કરાવી હાલોલ સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

### જ્ઞાનવાપીમાં મળેલા કથિત શિવલિંગનું કાર્બન ડેટિંગ નહીં થાય

## કથિત શિવલિંગના વૈજ્ઞાનિક સર્વેક્ષણ માટે અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમ કોર્ટે સ્ટે મૂક્યો છે

વારાણસી,

સુપ્રીમ કોર્ટે વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલા કથિત શિવલિંગના વૈજ્ઞાનિક સર્વેક્ષણ અને કાર્બન ડેટિંગના આદેશ પર રોક લગાવી દીધી છે. અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મુકતા કોર્ટે કહ્યું- આ મામલે સંભાળીને ચાલવાની જરૂર છે. હાઈકોર્ટના આદેશનો અભ્યાસ કરવો પડશે.



હાઈકોર્ટના નિર્ણય સામે મુસ્લિમ પક્ષે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જ્ઞાનવાપી મસ્જિદ મેનેજમેન્ટ કમિટી વતી એડવોકેટ હુઝેફા અહમદી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ પીએસ નરસિહા અને જેબી પારડીવાલાની બેન્ચે તેની સુનાવણી કરી હતી. હિન્દુ પક્ષે સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરી દીધી છે. હિંદુ પક્ષ વતી એડવોકેટ વિષ્ણુ શંકર જૈને કહ્યું હતું કે કોર્ટ કોઈ આદેશ આપે તે પહેલા ASI સર્વેનો રિપોર્ટ મગાવવો જોઈએ અને એકવાર વિચાર કરવો જોઈએ. તેના પર કોર્ટે કહ્યું કે અમે એએસઆઈનો રિપોર્ટ પણ જોઈશું. સીજેઆઈએ કહ્યું કે પહેલા આપણે સ્થિતિ જોઈશું. અમારે આ મામલાને ખૂબ જ સાવધાનીથી સાંભળવો પડશે.

મસ્જિદ સમિતિના વકીલ હુઝૈફા અહમદીએ ન્યાયાધીશની પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ ખરેખર પરિસ્થિતિને સમજે છે. સુપ્રીમ કોર્ટ આ મામલે આગામી સુનાવણી ૭ ઓગસ્ટે કરશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અલાહાબાદ હાઈકોર્ટ દ્વારા કાર્બન ડેટિંગના આદેશને આગામી સુનાવણી સુધી લાગુ કરવામાં આવશે નહીં. યુપી અને કેન્દ્ર સરકારની સરકારે કાર્બન ડેટિંગ પર પોતાનો જવાબ દાખલ કરવો પડશે.

જણાવી દઈએ કે ૧૬ મે, ૨૦૨૨ના રોજ સર્વે દરમિયાન જ્ઞાનવાપીમાં કથિત શિવલિંગ મળી આવ્યું હતું. હિન્દુ પક્ષે અગાઉ વારાણસી કોર્ટમાં તેની કાર્બન ડેટિંગ અને વૈજ્ઞાનિક સર્વેની માગણી કરી હતી. જો કે ત્યારબાદ કોર્ટે તેને ફગાવી દીધી હતી. હાલમાં, કાર્બન ડેટિંગ ક્યારે થશે? તેની તારીખ હજુ નક્કી થવાની બાકી છે. પરંતુ આ ટેકનિકની ચર્ચા ડિસ્ટ્રિક્ટ કોર્ટ, હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી થઈ રહી છે.

હિંદુ પક્ષનો દાવો છે કે જ્ઞાનવાપી સંકુલમાં મળેલું ૧૦૦ ફૂટ ઊંચું શિવલિંગ આદિ વિશ્વેશ્વરનું સ્વયં પ્રગટ થયેલું જ્યોતિર્લિંગ છે. કાશી વિશ્વનાથ મંદિરનું નિર્માણ લગભગ ૨૦૫૦ વર્ષ પહેલા મહારાજા વિક્રમાદિત્ય દ્વારા કરવામાં આવ્યું હતું, પરંતુ મુઘલ સમ્રાટ ઔરંગઝેબે વર્ષ ૧૬૬૯માં મંદિરને તોડી પાડ્યું હતું. દાવો જણાવે છે કે મસ્જિદ જમીન પર મંદિર તોડીને બનાવવામાં આવી હતી જે હવે જ્ઞાનવાપી મસ્જિદ તરીકે ઓળખાય છે. અરજદારોએ માગણી કરી છે કે ભૂગર્ભ ભાગ મંદિરના અવશેષો છે કે નહીં તે જાણવા માટે જ્ઞાનવાપી સંકુલનો પુરાતત્વીય સર્વે કરવામાં આવે. વિવાદિત માળખું તોડવાની સાથે એ પણ તપાસવું જોઈએ કે ૧૦૦ ફૂટ ઊંચું જ્યોતિર્લિંગ સ્વયંભુ વિશ્વેશ્વરનાથ પણ ત્યાં હાજર છે કે નહીં.મસ્જિદની દિવાલોની પણ તપાસ કરવી જોઈએ કે તે મંદિરની છે કે નહીં. અરજદારનો દાવો છે કે જ્ઞાનવાપી મસ્જિદ કાશી વિશ્વનાથ મંદિરના અવશેષોમાંથી બનાવવામાં આવી હતી.

ચીફ જસ્ટિસ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જેબી પારડીવાલાની બેંચ સમક્ષ જ્ઞાનવાપી મસ્જિદ મેનેજમેન્ટ કમિટીના વકીલ હુઝેફા અહમદીએ જણાવ્યું કે અલ્હાબાદ હાઈકોર્ટે પેન્ડિંગ અપીલનો આદેશ આપ્યો છે.

## આપની આજ.......

મેષ : લગ્નજીવન સુખદ રહેશે. ઘરનો કોઈ વિવાદિત મામલો પણ ઉકેલાઈ શકે છે. ખરાબ સંગત અને આદતથી દૂર રહો. વેપારમાં વિસ્તાર માટે કોઈ નવી યોજનાઓ ઉપર વિચાર કરો. તમારી ભાવનાઓ ઉપર કાબૂ રાખો.

વૃષભ : પ્રેમ પ્રસંગ વધારે ગાઢ વધશે. વિચારોની દુનિયાથી બહાર આવીને હકીકતનો સામનો કરો. કાર્યક્ષેત્રમાં કામ પ્રત્યે તમારો જોશ અને ઉત્સાહ જળવાયેલો રહેશે. આ સમયનો ભરપૂર લાભ ઉઠાવો. તમે તમારી સમજણ અને બુદ્ધિમત્તાથી દરેક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત કરવામાં સક્ષમ રહેશો.

મિથુન : મકાન, ગાડી વગેરેને લગતી કાગળિયા સંભાળીને રાખો. આજે વેપારમાં થોડા નવા કરાર પ્રાપ્ત થઈ શકે છે. થોડા સમયથી ચાલી રહેલી કોઈ પ્રકારની દુવિધા અને બેચેનીથી આજે રાહત મળી શકે છે. પારિવારિક જીવન સામાન્ય રહેશે.

કર્ક : સ્વાસ્થ્યની દૃષ્ટિએ સમય વધારે અનુકૂળ રહેશે નહીં. લક્ષ્ય પ્રાપ્તિ માટે મહેનત સફળ રહેશે. વેપાર અને કામકાજમાં થોડા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની જરૂરિયાત છે. આ સમયે આર્થિક સ્થિતિને વધારે મજબૂત જાળવી રાખવા માટે અતિ ઉત્તમ છે.

સિંહ : સ્વાસ્થ્ય સારું રહેશે. આર્થિક રૂપથી આજનો દિવસ વધારે અનુકૂળ નથી. પતિ-પત્નીમાં એકબીજા સાથે તાલમેલમાં ઘટાડો આવી શકે છે. સમય ઉત્તમ છે. જો કોઈ કાર્ય ઘણાં સમયથી અટવાયેલું છે, તો તેને પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે.

કન્યા : વેપાર વધારવા માટે નવી શોધ અને યોજનાઓની જરૂરિયાત છે. પરિવારમાં એકબીજા સાથે તાલમેલ ઉત્તમ જળવાયેલું રહેશે. ઉધાર આપેલા રૂપિયા પ્રાપ્ત કરવાનો આજે અનુકૂળ સમય છે. વાતાવરણમાં ફેરફારની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય ઉપર પડી શકે છે.

તુલા : પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં કોઈપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા માટે સમય અનુકૂળ નથી. બિનજરૂરી ગતિવિધિઓમાં ખર્ચ વધારે રહેશે. અચાનક જ કોઈ અશક્ય કાર્ય શક્ય થઈ શકે છે. પતિ-પત્નીમાં એકબીજા વચ્ચે સ્નેહ અને મધુરતા રહેશે.

વૃશ્ચિક : તમને તમારી આવડત પ્રદર્શિત કરવાની તક મળશે. વેપારમાં દરકે નાની-નાની વાતને ગંભીરતા પૂર્વક લો. વાતચીતમાં સાવધાની જાળવો. પતિ-પત્નીમાં સારો તાલમેલ જળવાયેલો રહેશે. એલર્જીના કારણે ઉધરસ, તાવ કે ચામડીની પરેશાની થઈ શકે છે.

ધન : ભાવુકતાના કારણે તમે તમારું નુકસાન કરી શકો છો. પારિવારિક વાતાવરણ સુખદ રહેશે. કાર્યક્ષેત્રમાં થોડા વિઘ્નો આવી શકે છે, પરંતુ આ સમયે ધૈર્ય અને સંયમ જાળવી રાખવો યોગ્ય છે. કોઈ અટવાયેલું કામ પણ આજે સંપન્ન થઈ શકે છે.

મકર : મશીન, સ્ટાફ વગેરે સાથે જોડાયેલી નાની-મોટી સમસ્યાઓ સામે આવી શકે છે. આવક સાથે-સાથે ખર્ચની પણ સ્થિતિ રહેશે. વધારે મહેનત અને પરિશ્રમના કારણે થાકનો અનુભવ થશે. પરિવારમાં સુખ-શાંતિ તમારા માટે પહેલી પ્રાથમિકતા રહેશે.

કુંભ : લગ્નજીવન મધુર જળવાયેલું રહેશે. પારિવારિક મામલે કોઈ બહારના વ્યક્તિની દખલ થવા દેશો નહીં. કાર્યક્ષેત્રમાં તમારા પેપર તથા ફાઈલ પહેલાંથી જ તૈયાર રાખો. કોઈ સંબંધીને લગતી શુભ સૂચના મળવાથી મન પ્રસન્ન રહેશે.

મીન : આર્થિક મામલે વધારે સમજણ અને ચર્ચા-વિચારણાં કરીને નિર્ણય લો. કાર્યક્ષેત્રમાં તમને તમારી આવડત દર્શાવવાની તક મળશે. શરીરમાં દુખાવાની સ્થિતિ બની શકે છે. આજે ધાર્મિક કે અધ્યાત્મિક ગતિવિધિઓમાં તમારો સારો સમય પસાર થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# કોંગ્રેસના જનમંચ કાર્યક્રમમાં રજુઆતોની ભરમાર : કોંગ્રેસ દાહોદવાસીઓની વેદના વિધાનસભા ગૃહમાં ઉઠાવશે

- દાહોદમાં વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાની અધ્યક્ષતામાં જનમંચ કાર્યક્રમ યોજાયો.
- સ્માર્ટ સિટી દાહોદમાં પાણી છ દિવસે મળે પરંતુ દારૂ ઠેર-ઠેર મળે : અમિત ચાવડા.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિએ વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા તેમજ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરની અધ્યક્ષતામાં દાહોદ વાસીઓની સમસ્યાઓ સાંભળવા માટે જનમંચ કાર્યક્રમ શહેરના ગોવિંદ નગર ચોકમાં યોજ્યો હતો. જેમાં દાહોદ શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી આવેલા લોકોએ પોતાની સમસ્યાઓ રજૂ કરી તેમને પરથી મુશ્કેલીઓ તેમજ તેમની વેદના વ્યક્ત કરી હતી. વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ અત્રે લોકો દ્વારા રજુ કરેલી તમામ સમસ્યાઓની ડાયરીમાં નોંધ કરી હતી, તો બીજી તરફ દાહોદ વાસીઓની સમસ્યાઓને વિધાનસભા ફ્લોર પર પૂરજોસ થી ઉઠાવવા માટે બાહેંધરી આપી હતી અને જરૂર પડવા પર દાહોદ ખાતે વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેવા માટે તેઓએ જણાવ્યું હતું અને કોંગ્રેસ સમિતિ આવનારા સમયમાં શહેરના દરેક વોર્ડમાં તેમજ તમામ તાલુકા મથકો ઉપર લોકોની સમસ્યાઓ જાણવા માટે જનમંચ કાર્યક્રમ યોજશે અને તે સમસ્યાઓના નિરાકરણ માટે સરકાર સામે બાથ ભીડશે તેમ પણ જણાવ્યું હતું.

દાહોદ શહેરના ગોવિંદ નગર ચોકમાં દાહોદ કોંગ્રેસ સમિતિએ લોકોની સમસ્યાઓ સાંભળવા માટે જન્મજ કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર તેમજ આંકલાવ વિધાનસભા બેઠકના ધારાસભ્ય તેમજ ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમાં કોઈ કારણોસર કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર ઉપસ્થિત રહ્યા નહોતા. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્યો, રિટાયર્ડ આઈએસ અધિકારી, તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ તેમજ દાહોદ તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલી જનમેદની ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમમાં, દાહોદ શહેરના પીવાના પાણીની સમસ્યા, વાલ્મિકી સમાજના કર્મચારીઓ દ્વારા કાયમી કરવા માટેની રજૂઆતો, નળ સે જળ યોજનામાં પહેલા ભ્રષ્ટાચાર, તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું પાણી પહોંચ્યું નથી. બારમા ધોરણનો નબળું આવેલા પરિણામો, સ્માર્ટ સિટી અંતર્ગત ચાલી રહેલી ડીમોલેશન પ્રક્રિયામાં ધાર્મિક સ્થાનોને તોડી પાડી લોકોની આસ્થાને ઠેસ પહોંચી છે. તે અંગે ન્યાય અપાવવા, લિટલ ફલાવર સ્કૂલ દ્વારા ફી વધારાનો મુદ્દો, ડિમોલેશનમાં વિસ્થાપિત થયેલા વેપારીઓના વૈકલ્પિક વ્યવસ્થા માટે, રળીયાતી ખાતે આવેલા ૪૮૦ આવાસોમાં અસુવિધાઓ બાબતે, સસ્તા અનાજ લાભાર્થીઓને ન મળતા હોવાની રજૂઆતો, જળ જંગલ જમીનના અધિકારો, આવાસો ન મળ્યા હોવાની રજૂઆતો, ઝાલોદ તાલુકાના ફૂલપુરામાં ૧૫ વર્ષે યુવતીના અપ મૃત્યુ કેસમાં પોલીસ દ્વારા ફરિયાદનો નોંધતા હોવાની ગંભીર રજૂઆત તેમજ ઉપરોક્ત બાબતોમાં જો લાભાર્થીઓને લાભ મળતો હોય તો સંબંધિતો દ્વારા લાંચ માંગતા હોવાના આક્ષેપો લગાવી ઉપરોક્ત બાબતોએ સામુહિક રજૂઆતો કરવામાં આવી હતી. જે તમામ રજૂઆતોને વિધાનસભા ફ્લોર પર પૂરી તાકાતથી ઉઠાવવા માટે વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ ડાયરીમાં નોંધ કરી હતી અને અત્રે ઉપસ્થિત જનમેદની ને બાહેધારી આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે, ભાજપની આ સરકારમાં ફક્ત ભ્રષ્ટાચાર છે. સ્માર્ટ સિટી દાહોદમાં ૬૦૦ દિવસ સુધી પાણી મળતું નથી પરંતુ ઠેર–ઠેર દારૂ મળે છે. તેઓએ આપ મૃત્યુ કેસમાં પોલીસની કાર્યવાહી સામે સવાલ ઉઠાવ્યા હતા. તો સાથે સાથે નળ સેજલ યોજનામાં કથિત ભ્રષ્ટાચાર અંગે પણ સરકારને ઘેર્યા હતા. તેઓએ મીડિયા સમક્ષ વાતચીતમાં કહ્યું હતું કે, આ તમામ મુદ્દાઓને લઈ ગુજરાત કોંગ્રેસ દાહોદવાસીઓની પડખે છે અને આ તમામ મુદ્દા વિધાનસભા ગૃહમાં ગુંજશે અને જરૂર પડ્યે દાહોદવાસીઓને પડખે ઉભા રહેવાનું પણ જણાવ્યું હતું. તેઓએ આ જનમંચ કાર્યક્રમ આગામી સમયમાં દાહોદ શહેરના દરેક વોર્ડ તેમજ તાલુકા મથકો ઉપર પણ યોજવા માટે દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિને હાકલ કરી હતી. ગોવિંદ નગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રજૂઆત કરતાઓ તેમજ કોંગ્રેસના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ તાલુકાની મહિલાઓને રામ મહિલા ગ્રુપ દ્વારા ધ કેરેલા સ્ટોરી પિક્ચર ફ્રી બતાવવામાં આવી



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,


ધ કેરેલા સ્ટોરી પિક્ચર શાલિની, નીમા અને ગીતાંજલિ નામની ત્રણ મહિલાઓ પર આધારિત પિક્ચર છે. જે નર્સ બનવાના સપના સાથે ઘર થી દૂર કોલેજમાં અભ્યાસ માટે જાય છે. જ્યાં ત્રણે છોકરીઓની મુલાકાત આસીફા નામની મહિલા સાથે થાય છે. પિક્ચરમાં દર્શાવ્યા પ્રમાણે આસીફા પોતાના સાથીઓની મદદ થી ત્રણે હિન્દુ મહિલાઓને ધર્મ પરિવર્તન કરવા માટે બ્રેનવોશ કરતી હોય તેવું બતાવેલ છે.

આ ફિલ્મ ધર્મ પરિવર્તન પર આધારિત છે. ગુજરાતમાં હિન્દુ સંગઠનો દ્વારા આ પિક્ચરને કર મુક્ત કરવા પણ માંગ કરેલ છે, તેમજ ગુજરાતમાં ઘણી જગ્યાએ હિન્દુ સંગઠનના સામાજીક કાર્યકર્તાઓ દ્વારા આ પિક્ચર મહિલાઓને ફ્રી બતાવી રહેલ છે. જેથી હિન્દુ મહિલાઓ ધર્મ પરિવર્તન ન કરે તેના પર ભાર મૂકવા માટે આખા ભારતમાં વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા હિન્દુ મહિલાઓ મા હિન્દુ ધર્મ વિશે જાગૃતતા લાવવા પર વિશેષ ભાર મુકાઈ રહ્યો છે.

તારીખ ૧૮–૦૫–૨૦૨૩ના રોજ ઝાલોદ જય રામ મહિલા ગૃપ દ્વારા ઝાલોદ નગર અને આસપાસના ગ્રામીણ વિસ્તારની મહિલાઓને ધ કેરેલા સ્ટોરી પિક્ચર દાહોદ ખાતે લઈ જઈ ફ્રી બતાવવામાં આવી હતી. રામ મહિલા ગ્રૃપની મહિલાઓનો આશય હિન્દુ મહિલાઓ લોભ, લાલચ કે દેખાવમાં આવી ધર્મ પરિવર્તન ન કરે તે માટેનો છે અને જો હિન્દુ મહિલાઓ દ્વારા જો ધર્મ પરિવર્તન કરવામાં આવે તો કેવા પરિણામ ભોગવવા તૈયાર રહેવું પડે તે આ પિક્ચર જોઈ મહિલાઓ સીખ લે તેવો છે. જેથી દરેક હિન્દુ મહિલાઓ ખોટા આડંબરમાં આવ્યા વગર પોતાના હિંદુ ધર્મને સાચવી રાખે તેવો આશય રામ મહિલા ગૃપનો છે.

જય રામ મહિલા ગૃપના જ્યોતિબેન જોષી, નિલેશ્વરી પંચાલ, જાગૃતિબેન પંચાલ, વિજ્યાબેન અગ્રવાલ દ્વારા શોની ટીકીટની વ્યવસ્થા કરવામા આવી હતી. જેમા ૧૫૬ બહેનોએ ધ કેરેલા સ્ટોરી પીચ્ચર દાહોદ મુકામે જોવાનો લાભ લીધો હતો. ઝાલોદનું અને આસપાસની બહેનોને સંકલન ડો. કિંજલબેન કોળી, પિનલબેન પંચાલ, શિલ્પબેન કટારા રાષ્ટ્રીય સેવિકા દુર્ગા વાહિની એકલ વિદ્યાલય દ્વારા આયોજન કરવામા આવ્યું હતું અને ફિલ્મ પછી જ્યોતિબેન દ્વારા બહેનોને જાગૃતિ વિષયક સુચનો કરવામાં આવ્યા હતા અને લવ જેહાદ વિરૂદ્ધ જાગૃત કર્યા હતા. આખો હોલ જય રામ, વંદેમાતરના નારા સાથે ગૂંજી ગયુ હતું.

## દાહોદના એમજી રોડ પર સ્થાનિકોએ સ્વયંભૂ દબાણ હટાવ ઝુંબેશ આદરી, ઘરે ઘરે, દુકાને દુકાને તોડફોડથી અફરાતફરી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના એમ.જી.રોડ વિસ્તારના વેપારીઓને શુક્રવાર સુધી સામાન પોત પોતાના દબાણો દુર કરી દેવા માટે વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું. તેના માટે ગુરૂવારે જ માપણી કરી કરી નિશાન કરી દેવાયા હતા. ત્યારે શુક્રવાર તારીખ ૧૯ મેના રોજ એમજી રોડના વેપારીઓ નાગરિકોએ સ્વયંભુ દબાણો દુર કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.

દાહોદ સ્માર્ટ સીટી તરફ હરણફાળ રીતે વધી રહ્યું છે. દાહોદ શહેરમાં ૧૧ જેટલાં સ્માર્ટ રોડ બનાવવા માટે રસ્તાઓ પહોંળા કરવા માટે રસ્તાઓની આસપાસ અવરોધરૂપ દબાણો તોડી પાડવાની કામગીરી સ્માર્ટ સીટી અંતગર્ત વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જેમાં ગત તા ૧૮મી મેને ગુરૂવારના રોજ દાહોદ વહીવટી તંત્ર દ્વારા એમજી રોડના વેપારીઓ અને નાગરિકોને દબાણો હટાવવા સુચના આપી હતી. તેમજ દાહોદ સીટી સર્વેની ટીમ દ્વારા માપણી કરી નિશાન કરી દેવાયા હતા.જેથી શુક્રવારના રોજ વેપારીઓ નાગરિકોએ જાતે પોતાના ખર્ચે દબાણો તોડવાનુ શરૂ કરી કરી દીધું હતું. ઘરે ઘરે બ્રેકર દ્વારા દબાણ તોડવાના શરૂ કરાતા આખોયે વિસ્તાર બ્રેકરની ઘણઘણાટીથી ધ્રુજી ઉઠ્યો હતો.

સ્ટેશન રોડ, પાલિકા ચોક તેમજ અન્ય વિસ્તારોમાં દબાણોના વિધ્વંશ પછી એમજી રોડ પણ આજે દબાણ હટાવ કામગીરીથી ધમધમી ઉઠ્યો હતો. પ્રજામાં ફફડાટ સાથે દહેશત સાથે દબાણ હટાવ ઝુંબેશ ચાલી રહી છે. હવે શું થશે?તેવા એક જ સવાલ સાથે સો સમસમી રહ્યા છે. કારણ કે, તંત્રએ બે દિવસના વિરામની સીમા પૂર્ણ થઈ છે. જેથી કેટલાક વિસ્તારોમા હજી બુલડોઝર પહોંચ્યુ નથી ત્યારે સૌથી વધુ ફફડાટ અંતરિયાળ વિસ્તારોમાં પ્રવર્તિ રહ્યો છે.

ત્યારે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે.કારણ કે જો તંત્ર દબાણ હટાવે તો વ્યાપક નુકસાન થવાનો ભય રહે છે. ત્યારે જો સ્વયં દબાણ હટાવે તો દાહોદમા મજૂર મળતા નથી અને મળે છે તો બમણી મજૂરી ચુકવવી પડે છે. દબાણ તોડવાના બ્રેકરના ભાડા પણ દોઢા અને બમણાં થઈ ગયા હોવાનુ જાણવા મળ્યુ છે. આટલી વિકટ સ્થિતિ સર્જાઈ હોવા છતાં શહેરનો એક પણ નાગરિક હરફ સુદ્ધાં ઉચ્ચારવા તૈયાર નથી.

## દે.બારીયાની અસાયડી ગામે હોટલ પાસેથી ગાડીની ચોરી

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીયાના અસાયડી ગામે અન્નપુર્ણા હોટલ ની નજીક રોડ પરરૂ પાર્ક કરેલ રૂા.દોઢ લાખની કિમતની કેરીએમ ગાડી કોઈ ચોરી લઈ ગયાનું જાણવા મળેલ છે.

ગરબાડા તાલુકાના પાંદડી ગામના ભાભોર ફળિયામાં રહેતા ખીમાભાઈ નુરાભાઈ ખરાડીયા ગત તા. ૨૭.૧૨.૨૦૨૩ નારોજ બપોરના દોઢ લાખની કિમતની જીજે. ૨૦ એપી. ૪૩૪૦ નંબરની કેરીએમ ગાડી અસાયડી ગામે અન્નપુર્ણા હોટલની નજીક રોડ પર પાર્ક કરી હોટલમાં ચ્હા નાસ્તો કરવા ગયા હતા અને હોટલમાં ચ્હા નાસ્તો કરી હોટલમાંથી બહાર આવ્યા હતા. તે સમય ગાળા દરમ્યાન કોઈ વાહન ચોર ખીમાભાઈ નુરાભાઈ ની ખરાડીયાની રૂા. દોઢ લાખની કિમતની કેરીએમ ગાડી ચોરીને લઈ ગયા હતા. આ સબંધે પાંદડી ગામના ખીમાભાઈ નુરાભાઈ ખરાડીયાએ ઘટનાના પોણા પાંચ માસ બાદ પીપલોદ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંબંધે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સીંગવડના સંજેલી ગામની મહિલા તલાટી કમ મંત્રીને વસ્તાર ન થતાં પતિએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

પતિ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી ચારિત્ર્ય હિન સંબંધી વ્હેમ રાખી વસ્તારમાં છોકરો ન હોવાથી બીજી બૈરી લાવવા માટે મારઝુડ કરી છુટાછેડા આપવા માટે દબાણ કરી મારી નાખવાની ધાક ધમકી આપી ગુજરાત શારીરીક અને માનસિક ત્રાસથી અવારનવારનાં ત્રાસથી વાજ આવેલ ૩૮ વર્ષીય તલાટી કમમંત્રીએ ન્યાયની દાદ માટે પોલીસ સ્ટેશને ના દરવાજા ખટખટાવ્યાનું જાણવા મળ્યું છે.

તલાટી કમમંત્રી તરીકે ફરજ બજાવતી સીંગવડ તાલુકાના સંજેલી ગામની શિતલબેન ઈલેશભાઈ સુરમાભાઈ ડામોરે ગત વર્ષ ૨૦૨૦ ના જાન્યુઆરી માસથી લઈને આજદીન સુધી તેના પતિ ઈલેશભાઈ સુરમાભાઈ ડામોરે તુ વગર ટાઈમે નોકરી જાય છે અને વગર ટાઈમે આવેલ છે, તેમ કહી ખોટી રીતે તેના ઉપર ચારિત્ર્ય સંબંધી ખોટો આક્ષેપો મુકી ગાળો બોલી મારઝુડ કરી મારે બીજી બૈરી લવાવી છે, તારે વસ્તારમાં છોકરો નથી, તું મને છુટાછેડા આપી તેમ કહી જાનથી મારી નાખવાની ધમકીઓ આવપી પહેલે કપડે ઘરમાંથી કાઢી મુકતા શિતલબેન ડામોરે સીંગવડ ગામે પોતાના પિયરમાં જતી રહી હતી. આ સંબંધે હાલ સીંગવડ ગામે રહેતી શિતલબેન તેના પતિ ઈલેસભાઈ ડામોર વિરૂદ્ધ રંધીકપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઈપીકોક (૪૯૮–ક), ૫૦૪, ૫૦૬–૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના જાલત ગામે તસ્કરોએ બંધ મકાન માંથી ૪૫ હજારની મત્તાની ચોરી કરી

દાહોદ,

દાહોદ તાલુકાના જાલત ગામના મીનામા ફળિયામાં ગત રાત્રીના સમયે ત્રાટકેલા તસ્કરોએ એક બંધ મકાનને ટાર્ગેટ બનાવી પાછળના ખુલ્લાભાગેથી ઘરમાં પ્રવેશી તિજોરીનું તેમજ તિજોરીના અંદરના લોકરનું તાળુ તોડી ચાંદીના તથા રોકડ તેમજ ઘરમાં બાંધી રાખેલ બકરા મળી કુ રૂા. ૪૫ હજાર ઉપરાંતની ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે.

રાત્રીના સમયે મીનામા ફળઈયામાં રહેતા મુળીયાભાઈ કાળીયાભાઈ મુનિયાભાઈ મિનામાના બંધ મકાનને ટાર્ગેટ બનાવી મકાનના પાછળના ખુલ્લા ભાગેથી તસ્કરો મકાનમાં પ્રવેશ્યા હતા અને લોકરમાં મુકેલ રૂા.૨૫૦૦ ની કિમતનું આશરે ૨૦૦ ગ્રામ વજનનું ચાંદીનું કડુ, રૂા. પાંચ હજાર ની કિમતના આશરે ૨૫૦ ગ્રામ વજનના ચાંદીના છડા નં.૨ રૂા. દશ હજાર ની કિમતના આશરે ૫૦૦ ગ્રામ વજનની ચાંદીની ઝાંઝરી નં. ૨ રૂા. પાંચ હજાર ની કિમતની આશરે ૨૦૦ ગ્રામ વજનની ચાંદીની બંગડી નં.૪ રૂા. ત્રણસોની કિમતની આશરે ૧૦૦ ગ્રામ વજનની ચાંદીની શેર નંગ. ૧ તથા રોકડા રૂા.૭૦૦૦ તેમજ ઘરમાં બાંધી રાખેલા પાંચ હજારની કિમતના બકરા નં.૫ મળી કુલ રૂા. ૪૫૧૦૦ ની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ઘરફોડ ચોરીનો ભોગ બનેલ ઘરધણી મુળીયાભાઈ કાળીયાભાઈ મીનામાએ નોંધાવેલી ફરિયાદને આધારે કતવારા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોંગસ્કોર્ડ તથા એફએસએલની મદદ માંગી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સંજેલી ખાતે આદિવાસી સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી નગરના ગુરૂ ગોવિંદ ચોક ખાતે દિપ પ્રગટાવીને પૂજા અર્ચના કરીને આદિવાસી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી.

ભારત ભૂમિના મૂળ નિવાસી એટલે આદિવાસી, આદિકાળથી આ ભૂમિ પર વસનારા અને પ્રકૃતિ પૂજક ગણાતા આદિવાસી પરિવારની સ્થાપના દિવસની ૮ વર્ષ પૂર્ણ થતાં સંજેલી ગુરૂ ગોવિંદ ચોક ખાતે આદિવાસી પરિવારના સભ્યો ઉપસ્થિત રહીને આદિવાસી સમાજના ગુરૂ – ભગવાન મનાતા ગુરૂ ગોવિંદ મહરાજને શત શત પ્રણામ કર્યા હતા અને જય ગુરૂ માલિક સાથે દિપ પ્રગટાવીને પૂજા અર્ચના કરીને ભીલ પ્રદેશની માંગ આજે ગુંજી રહી છે. ત્યારે સાર્થક કરવાની પ્રેરણા લઈને આદિવાંસી પરિવાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આદિવાસી પરિવાર દ્વારા પ્રકૃતિ પૂજક હોવાથી પ્રકૃતિના જતન પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમાજ સંગઠિત રહે હળીમળીને રહે એકબીજાની મદદની ભાવના કેળવાય એવી આદિવાસી પરિવારની નેમ છે. ત્યારે આદિવાસી પરિવારની ૮ વર્ષ પૂર્ણ થતાં જ આદિવાસી પરિવાર સંજેલી દ્વારા ભીલ પ્રદેશની માંગ સાથે ગુરૂ ગોવિંદ મહારાજની પૂજા–અર્ચના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી અને આદિવાસી પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ ખાતે વી.એચ.પી. ના પ્રવિણ તોગડીયાએ મુલાકાત લીધી



દાહોદ,

દાહોદ જીલ્લાની વી.એચ.પી.ના પ્રમુખ પ્રવિણ તોગડીયા મુલાકાત માટે આવ્યા હતા. દુધીયા, લીમડી અને સુબમર ખાતે ટુંકુ રોકાણ કરવામાં આવ્યું હતું. ટુંકા રોકાણ દરમિયાન પ્રવિણ તોગડીયાએ નિવેદન આવ્યું કે, મુસ્લીમ અને ખ્રિસ્તી સમુદાયની વધતી જતી ના પગલે હિન્દુ સમાજ ખતરામાં છે. તેમના દ્વારા દર શનિવારે હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવાની શપથ લેવડાવામાં આવ્યા.

## દાહોદ માંથી કેન્દ્ર કે રાજ્ય સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોએ હયાતીની ખરાઈ કરાવી લેવાની રહેશે

દાહોદ,

જીલ્લા તિજોરી કચેરી દાહોદમાંથી કેન્દ્ર કે રાજય સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોને જીલ્લા તિજોરી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે કે તા.૧ મે થી ૩૧ જુલાઈ દરમિયાન તેઓએ હયાતીની ખરાઈ કરાવી લેવાની રહેશે. જો પેન્શનર હયાતીની ખરાઈ કરાવવામાં નિષ્ફળ રહેશે તો ઓગસ્ટ મહિનાથી પેન્શન બંધ કરવામાં આવશે. હયાતીની ખરાઈ માટે વધુ સુવિધા પ્રાપ્ત થાય તે માટે જીવન પ્રમાણ પોર્ટલ દ્વારા ડિજીટલ લાઈફ સર્ટિફિકેટની પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. ડિજીટલ લાઈફ સર્ટિફિકેટ પદ્ધતિ મુજબ ઓનલાઈન ખરાઈ કરાવવા માટે વેબસાઈટ એડ્રેસ www. jeevanpramaan.gov in ઉપર ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

## સરગવાની ખેતીમાં સહાય યોજનાનો લાભ લેવા દાહોદનાં ખેડૂતોએ આગામી ૩૧ મે સુધીમાં આઈખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે

દાહોદ,

ગુજરાત રાજય દ્વારા સરગવાની ખેતીને પ્રોત્સાહન આપવા માટે સરગવાની ખેતીમાં સહાય યોજના કાર્યરત છે. આ યોજનાના મુજબ પ્લાંન્ટીગ મટીરીયલ ખરીદીમાં રૂ.૮૦૦૦/– યુનીટ કોસ્ટ સામે સામાન્ય જાતિના ખેડુતને રૂ.૪૦૦૦/હેકટર અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતને રૂ. ૬૦૦૦ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવશે.

સરગવાની ખેતી ખર્ચ માટે સહાય ઘટક મુજબ રૂ.૧૭૦૦૦ યુનીટ કોસ્ટ સામે સામાન્ય જાતિના ખેડુતને રૂ.૮૫૦૦ હેકટર અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિ જનજાતિના ખેડૂતને રૂ.૧૨૭૫૦ હેકટરની મર્યાદામાં સહાય આપવામા આવશે.

બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે વર્ષ ૨૦૨૩–૨૪ માં બાગાયત ખાતાની વિવિધ યોજનાઓના ઘટકો માટે ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે I-KHEDUT પોર્ટલ તા.૩૧.૫.૨૦૨૩ સુધી સરકાર દ્વારા ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

આ યોજનાઓનો લાભ મેળવવા માટે ખેડૂતોએ આઈખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અને ઓન લાઈન કરેલ અરજીની પ્રિંટ નકલ જરૂરી સાધનીક કાગળો જેવા કે ૭/૧૨, ૮–અ ની નકલ, આધાર કાર્ડની નકલ, જાતિનો દાખલો, બેંક ખાતાની વિગતો સાથે સાથેની અરજી સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, જીલ્લા સેવા સદન, રૂમ નંબર ૨૩૩ થી ૨૩૫, બીજો માળ, દાહોદ–ફોન નં.૦૨૬૭૩–૨૩૯૨૫૧ કચેરી ખાતે જમા કરાવવાની રહેશે. સરકારની આ યોજનાનો અવશ્ય લાભ લેવા નાયબ બાગાયત નિયામકએ જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.229


**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

## સુરેલી ગામની ગોમાં નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતી ખનન કરતા

# ટ્રેક્ટર માલિક, જીલ્લા તલાટી ક્રમ મંત્રીઓના પ્રમુખ હોવાનો રોફ જમાવી હાથમાં પાવડો લઈ દબંગાઈ કરતા શીશુનાથ ઠાકોર નો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ





તસ્વીર : નુર બાલા, વેજલપુર

ગોધરા, પંચમહાલ જીલ્લા પ્રશાસનની નાક નીચે લાખો રૂપિયાની કિમતી સફેદ રેતી ચોરીનો કારો કારોબાર રોજે રોજ રાત દિવસ ધમ ધમી રહયો છે. જેને લઈ ખનીજ માફિયાઓ બેફામ બની ગયા છે અને પંચમહાલ જીલ્લા પ્રશાસન એ ખનીજ માફિયા ઓને જાણે ખુલ્લો દોર આપી દીધો હોવાથી રાત દિવસ ગેરકાયદેસર રીતે સફેદ રેતીની ચોરીનો વેપલો ધમધમી રહયો છે અને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકશાન થઈ રહયુ છે. ત્યારે કાલોલ તાલુકાના સુરેલી ગામની ગોમાં નદી માંથી ગેરકાયદેસર રીતે સફેદ રેતીનું ખનન સુરેલી ગામનો વતની જેઓ પોતે તલાટી ક્રમ મંત્રી અને તલાટી ક્રમ મંત્રી ઓનો જીલ્લા પ્રમુખ અને માજીસરપંચ પતિ અને બી.જે.પી. મહિલા મોરચા પ્રમુખ પતિ હોવાનો રોફ જમાવી પાવડો હાથમાં લઈ દબંગાય કરતા હોવાથી ગામના સુરેલી ગામના સરપંચ એ તલાટી શિશુનાથ શૈલેષ ઠાકોર સામે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. તલાટી ક્રમ મંત્રીએ સ્થાનિક લોકો અને સરપંચની હાજરીમાં ગાળા ગાળી કરી મારામારી પણ કરી હતી. પોતે જીલ્લા તલાટી મંડળનો પ્રમુખ હોવાનો અને પત્ની ચેતનાબેન ઠાકોર મહિલા મોરચાના પ્રમુખ છે. જેથી અનેક હોદ્દા હોવાથી બાહુબલી બની હાથમાં પાવડો લઈ હુમલો કર્યો હતો. જેથી તેઓ સામે વેજલપુર પોલીસ સ્ટેશન ફરિયાદ તલાટી સામે નોંધતા આખા કાલોલ તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે કે નદીની સફેદ રેતી ચોરીનો વિવાદ વધુ એકવાર સરકારી બાબુ ઉપર આવ્યો છે. એ સ્થાનિક લોકો દ્વારા આ ઘટનાની જાણ ખાણ ખનીજ તેમજ વેજલપુર પોલીસ વિભાગને જાણ કરતા ખાણ ખનીજ અધિકારીઓને વેજલપુર પોલીસને ઘટના સ્થળ પહોંચ્યા હતા અને જે શિશુના ઠાકોર ટ્રેક્ટર બચાવવામાં આવતા રહયા હતા. તે ટ્રેકટર જપ્ત કરી પોલીસ સ્ટેશનમાં મોકલ્યું હતું. ભૂતકાળમાં પણ આ તલાટી સામે અનેક વખત વિવાદોમાં આવેલા છે, તેમ છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. જેથી આ વખતે સુરેલી ગામના સરપંચ એ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વેજલપુર પોલીસે આઈ પી સી કલમ ૩૨૩, ૫૧૬, ૫૦૬/૨ અને જીપીએફ ૧૩૫ મુજબનો ગુનો નોંધયો છે. શિશુનાથ તલાટી ક્રમ મંત્રી અનેક વખત રોફ જમાવી દબંગાય કરતા હોવાથી અનેક વખત વિવાદોમાં રહેલ છે. તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતા જીલ્લા પ્રશાસન સામે અનેક સવાલો ઉભા થયા છે. કારણ કે જીલ્લા પ્રશાસન એ જે કામગીરી કરવાની હોય તે કામગીરી ગ્રામજનો તેમજ સરપંચ એ કરી જીલ્લા પ્રશાસનને જાણ કરી હતી અને ગેરકાયદેસર રેતી ભરતા ટેક્ટરની અટકાયત કરી વેજલપુર પોલીસ સોંપી ખાણ ખનીજને પણ જાણ કરી હતી. તેમ છતાં ખાણ ખનીજ વિભાગના અધિકારીઓએ પોતે ફરિયાદ નોંધાવી ન હતી. જેથી લોકમુખે એવી ચર્ચા વહેતી થઈ કે ખાણ ખનીજ વિભાગના અધિકારીઓની પણ મિલીભગત જેથી હવે જીલ્લા પ્રશાસન કયા પ્રકારની કાર્યવાહી હાથ ધરશે તે જોવું રહયું.

## શહેરા પ્રાન્ત કચેરી ખાતે પ્રાંત અધિકારી એન.કે. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને પાણી સમિતિની બેઠક મળી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ગામોમાં પાણી વિકટ પરિસ્થિતિ સર્જાય તે પહેલા પ્રાન્ત કચેરી ખાતે પ્રાંત અધિકારી એન.કે. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને મળેલ પાણી સમિતિની બેઠક માં પાણી સમસ્યા અંગેની મહત્વની ચર્ચાઓ કરાઈ હતી. જ્યારે પુરવઠા વિભાગ દ્વારા તાલુકાના વિસ્તારમાં હેન્ડપંપને લગતી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરા તાલુકા પંથકમાં પાણીની વિકટ સમસ્યા સર્જાય તે પહેલા તાલુકા સેવા સદન માં આવેલ પ્રાન્તકચેરી ખાતે પ્રાન્ત અધિકારી એન.કે.પ્રજાપતિ, મામલતદાર એન.બી.મોદી તેમજ શિરેસ્તદાર દુષ્યંત મહેતા અને તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડાની ઉપસ્થિતિમાં પાણી સમિતીની બેઠક મળી હતી. જેમા પાણી પુરવઠા સહિત લાગતા વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ તેમજ ધારાસભ્યના પીએ રણવીરસિંહ, જીલ્લા પંચાયત સદસ્ય કિરણસિંહ બારીઆ, વિનુભાઈ નાયક સાથે તાલુકામાં પાણીની સમસ્યા છેકે, નહી તેની મહત્વની ચર્ચા કરવામાં આવી હતી. તાલુકા વિસ્તારમા હાલ પાણી પુરવઠા દ્વારા તાલુકાના અનેક ગામોમાં હેન્ડપંપ સર્વેની કામગીરી પણ શરૂ કરી દેવામા આવી છે. હેન્ડપંપ જ્યા બંધ હોય ત્યા તાત્કાલિક રિપેર કરવા માટેની સુચનાઓ પ્રાન્ત અધિકારી દ્વારા આપવામાં આવી છે. ઉનાળાની સિઝન અંતિમ ચરણમાં છે. ત્યારે તાલુકાના વિસ્તારમા પાણીના પોકારો વધુના ઊઠે તે માટે પ્રાંત અધિકારી સહિત તાલુકા વહીવટી તંત્ર પ્રયાસો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છેકે, તાલુકા વિસ્તારમા પાણી પુરવઠા વિભાગ દ્વારા હેન્ડ પંપ સર્વેની કામગીરી શરૂ છે. ત્યારે તંત્ર દ્વારા હકીકતમાં જે વિસ્તારમા પાણીની કટોકટી હોય ત્યાં હેન્ડ પંપ મૂકવામાં આવે જેથી આનો લાભ ખરા અર્થમાં જેને પાણીની જરૂરિયાત છે, તેને મળી શકે તો નવાઈ જ નહી. પાણી પુરવઠા દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં હેન્ડ પંપ સર્વે ની કામગીરી જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરીને વહેલી તકે હેન્ડ પંપો નવા ઊભા કરે તે પણ જરૂરી છે. તાલુકાના ઘણા બધા ગામોમાં પીવાના પાણીની સમસ્યા હોવાથી મહિલાઓને દૂર સુધી પાણી લેવા જવું પડતું હોય ત્યારે પાણીને લગતી અનેક યોજનાઓ ગ્રામ્ય વિસ્તારમાં હોવા છતાં આનો લાભ ગ્રામજનોને જે મળવો જોઈએ તે નહિ મળતો હોય તેમ કહીએ તો નવાઈ નહી.

## જીલ્લા ખેતીવાડી અધિકારીના અધ્યક્ષસ્થાને ગોધરા તાલુકાના અછાલા ખાતે ખેડૂત શિબિર યોજાઈ



ગોધરા, રાજયમાં પ્રાકૃત્તિક કૃષિનો વ્યાપ વધે તે માટે છેલ્લા બે વર્ષથી પ્રાકૃતિક કૃષિનો પ્રચાર પ્રસાર,વેચાણ અને યોજનાકીય કામગીરીનુ અમલીકરણ કરવામા આવી રહ્યું છે. ગત રોજ પ્રધાનમંત્રીની અદયક્ષતામાં યોજાયેલ ગુજરાત પંચાયત સંમેલનમાં પ્રધાનમંત્રીએ હાકલ કરી હતી કે આઝાદી કા અમૃત મહોત્સવ દરમ્યાન ગ્રામ પંચાયત દીઠ ઓછામાં ઓછા ૭૫ ખેડુતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે જરૂરી છે. જેના અનુસંધાને રાજયભરમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા સઘન પ્રયાસો કરાઈ રહ્યા છે.

પ્રાકૃતિક શબ્દનો અર્થ ‘‘પ્રકૃતિ સાથે’’ યથાર્થ થાય તે હેતુથી છેવાડાના ગામ સુધી જરૂરિયાતમંદ ખેડુતોને કૃષિલક્ષી યોજનાની વિશેષ માહિતી મળી રહે તે દયાને રાખી ગોધરા તાલુકાના ગોલ્લાવ કલસ્ટરના જંગલ વિસ્તારમાં આવેલા અછાલા ગામમાં જીલ્લા ખેતીવાડી અધિકારી એમ.જી. પટેલના અધ્યક્ષસ્થાને ‘‘પ્રાકૃતિક કૃષિ’’ અને ‘‘મીલેટ (હલકા ધાન્ય) પાકોની ખેતી’’ વિષય ઉપર ખેડુત શીબીરનું આયોજન કરાયું હતું. અછાલા ગામના સરપંચ મહેન્દ્રભાઈના ઘરે કરાયેલ આ આયોજનમાં વિવિધ વિષયો જેવા કે પ્રાકૃતિક કૃષિનું મહત્ત્વ અને તેના પાંચ સિદ્ધાંતો,આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ અંતર્ગત મીલેટ પાકોનું મહત્વ, ખેડુત ખાતેદાર અકસ્માત વીમા યોજના, ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ, જમીન સ્વાસ્થ્ય પત્રક (સોઈલ હેલ્થ કાર્ડ), પીએમ કિસાન યોજના વિશે ખેડૂતોને માહિતગાર કરાયા હતા. આ સાથે જીવામૃત બનાવવાની રીત અને નિદર્શન પણ કરાયું હતું.

આ તકે મદદનીશ ખેતી નિયામક,પેટાવિભાગ એમ. કે. ડાભી,તાલુકા અમલીકરણ અધિકારી ડી.ડી.સોલંકી, NFSM યોગેશભાઈ પટેલ, ગોધરા વિસ્તરણ અધિકારી (ખેતી) શિલ્પાબેન પટેલ તેમજ આત્માના btm વિશાલભાઈ શાહ, TMT ભાવિકાબેન તેમજ FMT ગુલાબભાઈ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિમાન્સી ચૌધરી દ્વારા કરાયું હતું.

## સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરાના બાળકોનો વેકેશન દરમિયાન વિવિધ રમતોત્સવ સમાપન



ગોધરા, પંચમહાલ જીલ્લાના પાટનગર ગોધરા શહેરમાં કેટલાય વર્ષોથી બહારપૂરા સ્લમ વિસ્તારના ગરીબ અને મદયમ વર્ગના બાળકોને નિઃશુલ્ક શિક્ષણ આપી રહ્યા છે આજે સુધી સેકડો બાળકોએ શિક્ષણ મેળવ્યું છે.

હાલ સમગ્ર દેશમાં બાળકોએ અભ્યાસ કરી પરિક્ષા આપી છે તે બાળકો હાલ વેકેશનમાં પોતાના સગા સંબંધી કે પિકનિક માણવા માટે હાલ વેકેશન માણી રહ્યા છે. આવા સંજોગોમાં ગરીબ અને મદયમ વર્ગના બાળકોને શિક્ષણની સાથે સાથે સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરાના બાળકોને એક માત્ર મફત શિક્ષણ આપતી અને વેકેશન દરમિયાન પણ ચાલુ રહી દરેક બાળકોને નવીન આશાઓ જગાડતી હોય છે.

દર વર્ષે વેકેશન દરમિયાન આ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઘણી એક્ટિવિટી કરવામાં આવે છે તા :- ૦૯/૦૫/૨૦૨૩ થી ૧૮/૦૫/૨૦૨૩ સુધી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ જેમાં ધોરણ :- ૦૧ થી ૦૩ માટે રંગપૂર્ણી ચિત્ર વૃક્ષ નીચે પુસ્તક વાંચતો બાળકો, ધોરણ :- ૦૪ અને ૦૫ રંગપૂર્ણી ચિત્ર ત્રિરંગા સાથે શાંતિનો સંદેશ આપતો બાળક અને ધોરણ :- ૦૬ થી ૧૦ માટે ચિત્ર એક વૃક્ષ વાવો અને પર્યાવરણ બચાઓ પર સુંદર ચિત્રો રજૂ કરી સમગ્ર દેશમાં સંદેશો આપ્યો છે, તેની સાથે સાથે અનેક રમતમાં કન્યા માટે ખો - ખો, લીમ્બુ ચમચી, સંગીત ખુરશી અને કુમાર માટે ક્રિકેટ અને વોલીબોલ, કેરમ વગેરે જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. તેની સાથે પર્યાવરણ અને વિવિધ પ્રકાર પક્ષીઓ, પ્રાણીઓને ઓળખે એ માટે સમગ્ર દેશ અને વિદેશોના જંગલોમાથી લુપ્ત થતી પ્રજાતિ ડાયનોસોર ઉપર એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી હતી. તેમા દરેક બાળકોએ ભાગ લઈ સુંદર પ્રોજેક્ટ બનાવી રજૂઆત કરી ગોધરાના ખ્યાતનામ એવા ડો સુજાત વલી અને શિક્ષક ઈમરાન ને સુપરત કરી અચંબામાં મૂકી દીધા હતા. તમામ બાળકોના વાલીઓ તેમના બાળકોને ઉત્સાહિત કરવા વાલીઓ મુકવા આવતાં હતાં.

સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરામા એક માત્ર મફત શિક્ષણ કોચિંગ કલાસ અભ્યાસ એક માત્ર વેકેશનમાં બાળકોને શિક્ષણ અને અનેક પ્રવૃત્તિઓમય, પ્રવાસ કરાવતી એક માત્ર મફત શિક્ષણ કલાસ છે, જેવા વેકેશન દરમિયાન આવા સંજોગોમાં ગરીબ અને મદયમ વર્ગના બાળકોને ફરવાની ઉત્સાહ હોય છે પણ આર્થિક રીતે પછાત છે, મજુરી કામ કરતા બાળકોને પણ મન થાય છે. પરંતુ આ વખતે પણ શિક્ષક ઈમરાન અને ડોક્ટર સુજાત વલી આવા બાળકોને શિક્ષણ માટે, શિક્ષણથી વંચિત, શૈક્ષણિક સામગ્રી અને વિવિધ સ્પર્ધાઓમા વિજેતાઓને ઈનામો, પ્રમાણપત્રો એનાયત કરવામાં આવતા હોય તથા સંસ્કૃતિ કાર્યક્રમ યોજી સન્માન કરવામાં આવતાં હોય છે.

સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરામા મફત શિક્ષણ મેળવતા બાળકોના વાલીઓ, સમાજનાં લોકો સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, ઈમરાન અને ડોક્ટર સુજાત વલી અમારા બાળકો વેકેશન દરમિયાન તેમને પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે અને આવાં બાળકોની સાથે રહી તેમને ઉત્સાહથી લઈ જવા માટે અથાગ પ્રયત્નો કેટલાય વર્ષોથી એક માત્ર મુસ્લિમ સમાજનો નામાંકિત મશહૂર શિક્ષક ઈમરાન અને ખ્યાતનામ એવા ગોધરા શહેરના લારા હોસ્પિટલના ડોક્ટર સુજાત વલી કરી રહ્યા છે. આવી સંસ્થા એક માત્ર પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાં ચાલે છે. આવી એક અનોખી સિદ્ધિ હાંસલ કરનાર બન્ને મહાનુભાવોને કોણ ભુલી શકે છે.

## શહેરા-ગોધરા હાઈવે વાઘજીપુર ચોકડી પાસે બમ્પ પાસે સેફટી પટ્ટા અને લખાણ મુકાઈ તેવી માંગ



શહેરા, શહેરા ગોધરા હાઈવે ઉપર વાઘજીપુર ચોકડી પાસે બમ્પ મૂકયા બાદ અહીં સાવચેતીના બોર્ડના અભાવે પાછલા કેટલાક દિવસોથી નાના મોટા અકસ્માતો બન્યા હતા. આ હાઈવે ઉપર સતત વાહનોની અવર જવર રહેવા સાથે અન્ય રાજયના પણ વાહન ચાલકો અહીંથી પસાર થતા હોય છે. હાઈવે ઉપર બમ્પ ના ચેતવણી બોર્ડ નહી હોવાથી વાહન ચાલકો અચાનક બ્રેક મારતા હોવાથી અમુક સમયે અકસ્માતની ઘટના બનતી હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા આ બાબતે કોઈ ગંભીરતા લેવામાં આવી નથી હાલ પણ બમ્પ જ્યાં મૂકવામાં આવ્યા છે. ત્યાં સફેદ પટ્ટા પણ દૂરથી વાહન ચાલકોને ન દેખાતા હોય તેવું વાહન ચાલક રમેશભાઈ એ જણાવ્યું હતું. હાલમાં પણ આ બમ્પ પાસે ઈકો અને સ્વીફ્ટ કાર વચ્ચે અકસ્માત થવા સાથે વાહનને નુકસાન પહોંચ્યું હતું. હાઈવે ઉપર અનેક વખત અકસ્માત સર્જાતો હોય ત્યારે સ્પીડ બ્રેકર પર સફેદ પટ્ટા અને આગળ બમ્પ છે, તેવા લખાણ અને ચિન્હ વાળા ચેતવણી બોર્ડ મૂકવામાં આવે તેવી વાહન ચાલકોની માંગ ઉઠવા પામી હતી.

## ઘોઘંબાના ભાણપુર પંચાયતમાં મહિલા સરપંચના પતિ વહીવટ કરતા હોવાનો તપાસ કરવા ગ્રામજનોની રજુઆત

ગોધરા, ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ મુજબ ૫૦ ટકા ગ્રામ પંચાયતોમાં મહિલા અનામતને કારણે પંચમહાલ જિલ્લાની ૫૫૦ થી વધુ ગ્રામ પંચાયતમાંથી ૫૦ ટકા ગ્રામ પંચાયતોમાં મહિલાઓ સરપંચ પદ પર ચુંટાઈ છે. આમાંથી મોટાભાગની મહિલા સરપંચનો વહીવટ તેમના પતિ એટલે કે સરપંચ પતિ દ્વારા કરવામાં આવતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી હતી.

ત્યારે પંચમહાલ જિલ્લા પંચાયતના નાયબ ડીડીઓ સહિતની ટીમ ભાણપુરા ગામે વિકાસના કામોની તપાસણી માટે ગયા હતા. જ્યાં ગ્રામજનોએ ગ્રામ પંચાયતનો વહીવટ મહિલા સરપંચનો પતિ વિજયસિંહ ભારતસિંહ પરમાર કરતો હોવાની રજુઆત કરીને ગ્રામસભાના ફોટોગ્રાફ, વીડિયોગ્રાફી સહિતના પુરાવા સાથે રજુઆત નાયબ ડીડીઓને કરી હતી. જે સરપંચ પતિનો વહીવટ દેખીને અચંબિત થઈ ગયા હતા. સરકારે લાખો રૂપિયાની ગ્રાન્ટ ગામના વિકાસ માટે આપતી હોય છે ત્યારે આ ગ્રાન્ટનો વહીવટ ચુંટાયેલા પ્રતિનિધિ કરવાને બદલે અન્ય ત્રાહિત વ્યકિત કરે તો તે ગુનાને પાત્ર હોવાથી નાયબ ડીડીઓ દ્વારા ભાણપુરાના સરપંચ પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. ના.ડીડીઓએ ઘોઘંબાના ટી.ડી.ઓ.ને નોટિસ આપીને ૩ દિવસમાં ભાણપુરા ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિના વહીવટ કરતો હોવાની તપાસ કરીને રિપોર્ટ સોંપવા હુક્મ કર્યો છે. તેમજ જિલ્લામાં અન્ય મહિલા સરપંચવાળી ગ્રામ પંચાયતોમાં સરપંચ પતિ વહીવટ કરતો હોય તો તેની રજુઆત કચેરીમાં કરવામાં આવશે તો તેઓની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે તેમ ના.ડીડીઓએ જણાવ્યુ છે. ભાણપુરાના સરપંચ પતિ રાજયસેવક ના હોવા છતાં ગેરકાયદે રીતે રાજયસેવકની કામગીરી કરતો હોવાથી તેની સામે પોલીસ ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ના.ડીડીઓની સરપંચ પતિઓ સામે કાર્યવાહી કરવાને લઈને જિલ્લામાં સરપંચ પતિમાં ફફડાટ ફેલાયો છે.

## ગોધરા ભુરાવાવ પાવર હાઉસ મકાન માંથી ૩૬ હજારના ઈંગ્લીશ દારૂ સાથે આરોપી ઝડપ્યો

ગોધરા, ગોધરા ભુરાવાવ પાવર હાઉસની બાજુમાં મકાન માંથીસ ૩૬,૭૦૫/-રૂપીયાના ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ભુરાવાવ પાવર હાઉસની બાજુમાં રહેતા હિતેશ ઉર્ફે વિક્કી રાજુભાઈ ડબગર પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો ધંધો કરતાં હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૪૧ અને બીયર ટીન નંગ-૯૬ મળી કિંમત ૩૬,૭૦૫/-રૂપીયા સુધી મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.